
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ




શ્રી જૈન આત્માનંદ સભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧ શ્રી શાન્તિનાથ જિન સ્તવન | ( પ્ર. શ્રી કાન્તિવિજયજી મહારાજ ) | ૧૧૯ |
| ૨ ધર્મોપદેશ | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૧૨૦ |
| ૩ જ્ઞાન-ચંદ્ર | ( ડૉ. ભગવાનદાસ મન:સુખભાઇ મહેતા ) | ૧૨૧ |
| ૪ સં. ૧૭૪૬ માં જૈન મંદિરવાળાં કેટલાંક ગામો | ( મુનિ શ્રી જયંતવિજયજી મહારાજ ) | ૧૨૨ |
| ૫ વર્તમાન પરિસ્થિતિમાં | ( મોહનલાલ દી. ચોકસી ) | ૧૨૮ |
| ૬ કલ્યાણકારી ધર્મમાર્ગ | ( મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ ) | ૧૩૦ |
| ૭ ચાર દુર્લભ વસ્તુઓ | ( લે. ગાંધી ) | ૧૩૩ |
| ૮ દુઃખની ભ્રાંન્તિ | ( મુનિ શ્રી વિનયવિજયજી મહારાજ ) | ૧૩૪ |
| ૯ તીર્થ | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી ) | ૧૩૬ |
| ૧૦ ભારતવર્ષના ધર્મો | ( કાકા કાલેલકર ) | ૧૩૯ |
| ૧૨ વર્તમાન સમાચાર અને એક વધુ બાદશાહી સખાવત | | ૧૪૪ |
| ૧૧ સ્વીકાર ને સમાલોચના | | ૧૪૫ |


## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટનું પુસ્તક

" **મહામેઘવાહન જૈન રાજા ખારવેલ** " નામનો પ્રાચીન ઐતિહાસિક ગ્રંથ સુપ્રસિદ્ધ લેખક રા. સુશીલના હાથે તૈયાર થયેલ છે, ચાલતા ધોરણ મુજબ એ વર્ષના લવાજમનું વી. પી. કરી અમારા માનવંતા ગ્રાહકોને ભેટ મોકલવાનું કાર્ય શરૂ થયેલ છે જેથી સ્વીકારી લેશો અને તેને પાછું વાળી જ્ઞાનખાતાને નકામું નુકશાન ન કરવા નમ્ર સૂચના છે.

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો તૈયાર થયેલ હોવાથી ચાલતા ધોરણ મુજબ મોકલવા શરૂ થયેલ છે, જેઓને ન પહોંચ્યા હોય તેઓશ્રી એ અમોને લખી જણાવવા નમ્ર સૂચના છે.

૧ **શ્રી મહાવીર જીવનચરિત્ર** ( સચિત્ર ) છસેંહ પાનાનો દલદાર ગ્રંથ રૂા. ૩-૮-૦

૨ **શ્રી આત્મકાન્તિ પ્રકાશ**—પૂજ્ય પ્રવતર્કજી શ્રી કાન્તિવિજયજી મહારાજનાં ભક્તિરસભર્યા વિવિધ સ્તવનો ( જેમાં મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા ઉત્તમ ભોજકની કૃતિઓનો સમાવેશ થયેલો છે.

૩. " **મહામેઘવાહન જૈન રાજા ખારવેલ** " પ્રાચીન ઐતિહાસિક જાણવા જેવી હકીકતપૂર્વક ગ્રંથ. રૂા. ૧-૦-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક: ૩૬ મું
અંક ૫ મો

માર્ગશીર્ષ : ૧૯૯૫
ડીસેમ્બર : ૧૯૩૮

# શ્રી શાંતિનાથ જિન સ્તવન.

( રામકલી—આંગણે કલ્પ ફલ્યોરી—દેશી )

અચિરાનો નંદ મલ્યોરી, હમારે આજ અચિરાનો. ॥ અંચલી ॥
સંવરજળ નિર્મળ ભરી કલશા, સિંચત પાપ ટલ્યોરી. ॥ ૧ ॥ હમારે.
ચિદ્દઘન ચંદન રુચિ ઘનસારા, મૃગમદ ભાવ ભલ્યોરી. ॥ ૨ ॥ હમારે.
હાર મનોહર સંયમકરણી, શીલ સુગંધ ઢલ્યોરી. ॥ ૩ ॥ હમારે.
ધ્યાન સુવાસિત ધૂપકી ધારા, કુમતિ કુગંધ બલ્યોરી. ॥ ૪ ॥ હમારે.
જ્યોતિ પ્રકાશી તિમિર વિનાશી, જ્ઞાનાવરણી ગલ્યોરી. ॥ ૫ ॥ હમારે.
નિજ ગુણ તંદુલ સમરસ મેવો, તપતરુ સફળ ફલ્યોરી. ॥ ૬ ॥ હમારે.
આરતી મંગલ અનુભવ દીવો, કાંતિ સ્વભાવ ફલ્યોરી. ॥ ૭ ॥ હમારે.

પૂજ્યપાદ પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મોપદેશ

દોહરા

મનુષ્ય જન્મ મોંઘો મણિ, ફરી ફરી નહિ મળનાર;
પામ્યો પ્રૌઢી પદ્વી પણ, **ધર્મ વિના ધિક્કાર!** ૧

સઘળી પામ્યો સંપત્તિ, અન્ન ધન ને આગાર;
પુત્ર-પૌત્ર-પરિવાર પણ, **ધર્મ વિના ધિક્કાર!** ૨

હીરા માણેક મોતી ને, રત્નોના શણગાર;
બાગ બગીચા બંગલા, (પણ) **ધર્મ વિના ધિક્કાર!** ૩

મોટા માનો મેળવ્યાં, મ્હાજનની મોઝ.ર;
વખણાયો તું વિશ્વમાં, (પણ) **ધર્મ વિના ધિક્કાર!** ૪

પંચ તત્ત્વનો પિંડ આ, વીખરાતાં શી વાર?
અંત સમે સમજીશ કે, **ધર્મ વિના ધિક્કાર!** ૫

અણધાર્યો આ દેહથી, પ્રાણ જરૂર જનાર;
યાદ આવશે એ સમે, (કે) **ધર્મ વિના ધિક્કાર!** ૬

સદ્ગુરુ કે સદ્ગ્રંથનાં, વચન ગ્રહ્યાં નહિ સાર;
ભવસાગરમાં ભટકવું, **ધર્મ વિના ધિક્કાર!** ૭

તપ કે તીર્થ કર્યા નહિ, પરમાર્થે નહિ પ્યાર;
જન્મ-મર્ણ ફેરો રહ્યો, **ધર્મ વિના ધિક્કાર!** ૮

આખર ટાણે ઇન્દ્રિયો, સૌ સૌ સ્થાને જનાર;
એકલ આત્માને થશે, (જે) **ધર્મ વિના ધિક્કાર!** ૯

ક્યાંથી આવ્યો ક્યાં જવું? કર મન કર્મ વિચાર;
સત્ય વાત કવિજન કથે, (કે) **ધર્મ વિના ધિક્કાર!** ૧૦

**રેવાશંકર વાલજી બધેકા**
ધર્મોપદેશક-**ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞા....ન-ચં....દ્ર

## અનુષ્ટુપ્

ચિત્ત આકાશ જ્ઞાન,-ચંદ્રમાં ઉદય પામતાં;
અનાદિના મહા ગાઢ, મિથ્યાત્વ તમ નાશતા. ૧

## મંદાક્રાંતા

તત્ત્વાબ્ધિની લહરી ઉલસે દેખતાં જ્ઞાન-ચંદ્ર,
મજ્જંતા ત્યાં અતુલ ઉપજે દિવ્ય આનંદવૃંદ;
તેથી જન્મે અનુપમ અહો ! અંતરે આત્મશાંતિ,
દીસે એવી ગુણવતી અતિ જ્ઞાનની શુભ કાંતિ ૨

## ઉપજાતિ

સુધા સ્રવંતો નિત બોધ-ચંદ્ર,
આનંદ આપે બુધને અમંદ;
જેનું કરી પીયૂષ પાન પ્રેમે,
થૈ નિર્જરા તે અમરત્વ પામે. ૩

## અનુષ્ટુપ્

જેમ જેમ દિને દિને, બોધ શશિકલા ઘટે;
તેમ તેમ સામ્રાજ્ય, મોહ-અંધારનું વધે. ૪
જેમ જેમ દિને દિને, બોધ શશિકલા વધે;
તેમ તેમ સામ્રાજ્ય, મોહ-અંધારનું ઘટે. ૫

## વસંતતિલકા

જ્યોત્સ્ના સ્ફુરાવી શુભ ભાવમયી અપૂર્વ,
રેલાવતો જગતમાંહિ પીયૂષપૂર;
ચિદ્ વ્યોમ જ્ઞાન દ્વિજરાજ રહ્યો વિરાજી,
જે દેખી સજ્જન ચકોર જ થાય રાજી. ૬

## માલિની

તિમિરકુલ હઠાવે દિવ્ય તેજો વહાવે,
કુમુદગણ લસાવે સત્ ચકોરો હસાવે;
અમૃતપણું અપાવે જન્મભીતિ ખપાવે
શું શું શુભ ન કરાવે જ્ઞાન-ચંદ્ર સ્વભાવે ? ૭

**ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંવત ૧૭૪૬માં જૈન મંદિરવાળાં કેટલાંક ગામો

## પં. શીલવિજયજીવિરચિત 'તીર્થમાલા'નો સંક્ષિપ્ત સાર

( સંગ્રાહક: મુનિશ્રી જયંતવિજયજી-કરાંચી )

[ **શિવપુરી**( ગ્વાલિયર )થી નીકળ્યા ' ધર્મ-ધ્વજ ' માસિક માટે, સં. ૧૯૮૫માં, " કલ્યાણકભૂમિ અથવા પૂર્વદેશીય જૈન તીર્થો " નામનો લેખ લખતી વખતે ' શ્રી યશોવિજય જૈન ગ્રંથમાલા ' ભાવનગરથી પ્રગટ થયેલ " પ્રાચીન તીર્થમાલા સંગ્રહ" ભાગ પહેલા( પૃષ્ઠ ૧૦૧-૧૩૧ )માં છપાયેલ **' પં. શિવવિજયજી '**ના શિષ્ય **' પં. શ્રી શીલવિજયજી '**એ વિ. સં. **૧૭૪૬**ના આસો માસમાં પૂર્ણ કરેલ ચારે દિશાના તીર્થોની **' તીર્થમાલા'** વાંચતા, તે આખી તીર્થમાલાનો સંક્ષિપ્ત સાર તે વખતે લખી લીધો હતો.

આ ' તીર્થમાલા 'માં જૈન મંદિરોવાળા ગામોનો ઉલ્લેખ કરવા ઉપરાંત કોઇ કોઇ ગામોનાં દેરાસરોના મૂલનાયક ભગવાનનાં નામો પણ આપેલાં છે. તે સિવાય કેટલીક પ્રભાવિક દેવીઓ, કેટલાક દેશો, કેટલાક રાજાઓ-મંત્રીઓ, મુખ્ય મુખ્ય શહેરોના ખૂબ ધર્મકાર્ય કરનારા ધર્માત્મા શ્રાવકો અને તેમના શુભ કાર્યોનું વર્ણન સુંદર રીતે કરેલું છે, તેમજ કેટલાક તીર્થોની ઉત્પત્તિ અને મહાત્મ્યનું વર્ણન પણ આપેલું છે. કોઇ કોઇ લૌકિક તીર્થો અને સ્થાનોનો આમાં ઉલ્લેખ કરેલો જોવાય છે.

કવિએ વિ. સં. **૧૭૧૧-૧૨**માં પૂર્વ દિશાના તીર્થોની અને વિ. સં. **૧૭૨૧** તથા **૧૭૩૮**માં દક્ષિણ દેશની યાત્રા કરી હતી.

અઢારમી શતાબ્દીના પૂર્વાર્દ્ધમાં વિદ્યમાન દેરાસરોવાળાં ગામો અને તે સમયના શ્રાવકોએ કરેલાં ધર્મકાર્યો વગેરે જાણવાની ઇચ્છાવાળા સજ્જનોને આ મારો સંક્ષિપ્ત સાર કંઇક અંશે ઉપયોગી થશે, એમ ધારીને અહીં પ્રગટ કરવામાં આવે છે.

આમાં જ્યાં જ્યાં ફક્ત ગામના નામો જ આપ્યાં છે ત્યાં ત્યાં તે તે ગામોમાં જૈન મંદિરો છે એમ સમજવાનું છે અને જે ગામની પાસે ભગવાનના નામો આપ્યાં છે તે ગામના મંદિરોમાં તે તે ભગવાન્ મૂલનાયકજી તરીકે બિરાજમાન છે, એમ જાણવું "**-સંગ્રાહક** ]

## પૂર્વ દિશાની તીર્થમાલા

**' મેવાત '** દેશમાં આવેલ **મથુરા**માં નેમિનાથ, અહિછત્રામાં પાર્શ્વનાથ, દીલ્લીમાં મહાવીર, ચંદવાડે **નેમનાથ, આગરા**માં ચિન્તામણિ પાર્શ્વનાથ, **કાશી-સેલુપુર**માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર્શ્વનાથ અને **પ્રયાગમાં**[૧] અક્ષયવડ છે. આદિનાથ ભગવાન્ તે વડ નીચે કાઉસગ્ગ ધ્યાને[૨] રહ્યા હતા, તેથી તે અક્ષયવડ કહેવાયો છે અને આજ સુધી તે વિદ્યમાન છે. કડી ૪–૮.

**સિંહપુરી**[૩]માં શ્રેયાંસનાથ, **ચંદ્રપુરી**[૩]માં ચંદ્રપ્રભુ, **હાજીપુરપટ્ટણ**[૪]માં સ્થલિભદ્ર જન્મ્યા, **મગધ** દેશમાં **રાજગૃહી**માં મુનિસુવ્રતસ્વામી અને **વિપુલ, વૈભાર, રતન, સુવર્ણ, ઉદયગિરિ** આ પાંચે પહાડો ઉપર જિનાલય છે, શાલિભદ્રના ઘરની પાસે કૂવો અને નંદ મણિઆરની વાત, **વૈભારગિરિ**માં રોહણિયા ચોરની ઘણા બારણાવાળી ગુફા અને ગઢની અંદર શ્રેણિક રાજાના મહેલો વગેરે છે. કડી ૧૧–૧૫.

**મિથિલા**માં શ્રીમલ્લિનાથ, **ચંપાપુરી**માં વાસુપૂજ્ય અને શીલના મહિમાથી સતી સુભદ્રાએ દરવાજા ઉઘાડ્યા હતા. **અયોધ્યા** નગરી પાસે **ગંગા નદી** અને **કૈલાસ**[૫]**ગિરિ** છે. **ભદ્દિલપુર**[૬]માં શીતલનાથજી, **જાંભી**[૭] ગામમાં શ્રીઋજુવાલુ નદી, તે વીરભગવાનની કેવલભૂમિ છે. કડી ૧૬–૧૮.

**સમ્મેતશિખર** ઉપર ૨૦ ભગવાન્ સિધ્યા છે, તેમના સ્તૂભ[૮] ત્યાં છે, ચમત્કાર ઘણો છે, રાત્રે નોબત સંભલાય છે. કડી ૨૩–૨૪.

**પાલગંજ**[૯]નો ક્ષત્રિય રાજા તે પ્રભુની આણા ધારણ કરે છે અને પાર્શ્વનાથની ઓલગ[૧૦] કરે છે. ૨૫

**સમ્મેતશિખર** સાત કોશ ઊંચો અને પાંચ કોશ પહોળો છે. ત્યાંથી બંગાલ દેશમાં ગયા. ત્યાં આરસપાષાણની, સોનાની અને રૂપાની પ્રતિમાઓ છે. કડી ૨૭ ૨૮.

**ક્ષત્રિયકુંડ, બ્રાહ્મણકુંડ** અને **પાવાપુરી**માં વીરભગવાનનાં અનુક્રમે જન્મ, ચ્યવન અને નિર્વાણનાં નિશાનો છે. **પાવાપુરી**માં વીરનું થુભ છે. કડી. ૨૯–૩૦.

**કમ્પિલપુર**માં વિમલનાથ, **ગહુવર ( ગોબર )** ગામમાં ગૌતમસ્વામી, **હસ્તિનાપુર**માં કુંથુનાથ અને **કોશાંબી**માં પદ્મપ્રભુ છે. કડી ૩૧.

**નરવર** અને **અલવરના** ( કિલ્લામાં મંદિરો છે. ) તેમ જ **ગ્વાલિયર**( કિલ્લા )માં બાવન ગજની પ્રતિમા છે. **રણથંભ**[૧૧], **સિંભર**,[૧૨] **બૂંદી, આંબેર**,[૧૩] **ઢુંક**,

૧. અલ્હાબાદના કિલ્લામાં. ૨. બીજા ગ્રંથોમાં આ વડ નીચે શ્રીઆદિનાથ ભગવાનને કેવલજ્ઞાન થયાનું લખ્યું છે. ૩. બનારસ પાસે. ૪. પટણામાં. ૫ અષ્ટાપદ પર્વત. ૬. બનારસમાં ભદૈની. ૭. ગિરિડીહ અને શિખરજીની વચ્ચે બલાકડ ગામ. ૮. પાદુકાની દેરીઓ. ૯. સમ્મેતશિખર પાસે. ૧૦. સેવા–ચાકરી. ૧૧. રણથંભમાં રાવણ પાર્શ્વનાથ ૧૨. સાંભર. ૧૩. જયપુર પાસે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટોડા, અજમેર,** માલપુર, **સાંગાનેર,**[૧૪] **મેવાડ**ના અને **કુંભલમેર**માં મોટા મંદિરો છે. કડી ૩૩–૩૫.

**મેવાડ**માં **ગોગુંદા**માં નવપલ્લવ પાસે, એકલિંગજી પાસે નાગદ્રહી–નાગડામાં નમિનાથ, **દેલવાડા**માં ઘણાં મંદિરો છે અને ત્યાં શત્રુંજય–ગિરનાર થાપ્યા છે. **રાજનગર**માં તલાવને કાંઠે **દયાલશાહ**નું મોટું દેરાસર છે. **ઉદયપુર**માં શ્રી શીતલનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી સુપાર્શ્વનાથ વગેરે ઘણા મંદિરો છે; ત્યાં **સીસોદિયા** કુલના મહારાણા હિંદુશિરતાજ છત્રપતિ અને ષટ્દર્શન પ્રતિપાલ છે. તેમનો પુણ્યશાલી પ્રધાન સાંદેરા ગચ્છનો પૂજક છે. કડી ૩૬–૪૧.

**કેસરીયાજી** પ્રસિદ્ધ છે, જાવરમાં શાંતિજિન, જવાસા, **ડુંગરપુર, વાંસવાડા, આહડ**[૧૫]માં ધર્મનાથ, **કરેડ**માં પાર્શ્વનાથ, **છોટીસાદરી, ચિતોડગઢ**[૧૬]માં શ્રી આદિનાથ, શ્રી પાર્શ્વનાથ તથા **ઋષભવંશ**ના **કીર્તિધર** રાજા તથા **સુકોશલ** મુનિ અહિં મોક્ષે ગયા છે. કડી ૪૨–૪૫.

**માલવામાં દસોરે (મંદસોર**માં) સુવ્રતસ્વામી, રામપુર, સીરૂંજમી, ચંદેરી, કુકડેસરમાં પાર્શ્વનાથ, **રતલામ, મકસી**માં પાર્શ્વનાથ, **ઉજજૈન**માં અવંતિ પાર્શ્વનાથ, **ઉજજૈન**માં **સિદ્ધસેન** દિવાકર મહિમા પામ્યા. વિક્રમ-ભોજ અને સંપ્રતિ રાજા અહિં થયા, અહિં **સીપ્રા** નદી, ગંધપ મસાણ, ચોસઠ જોગણીનું સ્થાન સિદ્ધવડ, હરસિદ્ધિ પીઠ, અને રામસીતાનું તીર્થ છે. **માંડવગઢ**માં સુપાર્શ્વનાથ, આદિનાથ અને મહાવીર બિરાજે છે. અહીં ઓસવંશના સંગ્રામ સોનીએ શીલથી આંબાને ફલવાળો કર્યો હતો. તેણે ભગવતી સૂત્ર સાંભળતી વખતે પ્રશ્ને પ્રશ્ને સોનામહોરો મૂકી હતી અને ગૌતમસ્વામીના નામથી ૩૬૦૦૦ ગ્રંથો લખાવ્યાં હતાં. કડી ૪૬–૫૪.

## પશ્ચિમ દિશાની તીર્થમાલા

સૌરાષ્ટ્ર (સોરઠ) દેશમાં મહાતીર્થ શત્રુંજય ઉપર આદિનાથ. રાયણ પગલાં, સુરજકુંડ, વિમલવિહાર, અજિત અને શાંતિ, અદબુદ(અદ્ભુત)જી, પાંચ પાંડવ, મારુદેવા માતાનું મંદિર, ખરતરવસહીમાં ચૌમુખ વગેરે છે. શત્રુંજય ઉપર સર્વ મળીને ૩૬૬ દહેરાં છે. તથા ઉલખોઝોલ, સિદ્ધવડ, શત્રુંજયી નદી વગેરે પવિત્ર સ્થાનો છે. શંત્રુજય ઉપર ચડવાની ચાર પાજ (રસ્તા) છે. શત્રુંજય ત્રણ ગાઉ ઊંચો અને બાર યોજન પહોળો છે. ૯૮ તીર્થમાં ઉત્તમ છે. કડી ૫–૧૨.

---

૧૪. નરવરથી સાંગાનેર સુધીનાં ગામો રાજપુતાના અને માળવામાં આવેલાં છે, કુંભલમેર સહિત આ બધાં કિલ્લાવાળા ગામો છે. ૧૫. ઉદયપુર પાસે. ૧૬. કડી ૩૬થી ૪૫ સુધીમાં મેવાડનાં તીર્થો આપેલાં છે અને કડી ૪૬થી ૫૪ સુધીમાં માળવાનાં તીર્થો અને ગામો ગણાવ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલીતાણામાં આદિનાથ, આદિપુર( આદપર )માં આદિનાથ, ઘોઘા બંદરમાં નવખંડા પાર્શ્વ, જીરાવલો પાસ અને ચંદ્રપ્રભસ્વામી છે. કડી ૧૩–૧૫.

ગિરનાર ઉપર શ્રીનેમિનાથ પ્રભુ, કંચનબાગના શિખર ઉપર અંબાદેવી, સહસાવન, લાખાવન, ગજપદકુંડ, અમીઝરાપાર્શ્વ વગેરે છે. ગિરનાર પર્વત સાત ગાઉ ઊંચો અને પાંચ ગાઉ પહોળો છે. તે સિવાયનાં ઊભી સોરઠનાં બીજાં તીર્થોને વાંદો. કડી ૧૬–૧૮.

જૂનાગઢ, ઊના, અઝારા, અમીઝરા પાર્શ્વનાથ, સમુદ્રને કાંઠે દીવબંદર, નવલખુમાં સોરવાડી પાર્શ્વ છે. દીવબંદરમાં ફીરંગીનું રાજ્ય છે. કડી ૧૯–૨૦.

દ્વારામતી( દ્વારકા ), કચ્છ દેશમાં ભુજનગરમાં ચિંતામણિ પાર્શ્વ, સોપારે ( નગર-સોપારકર ), દેવકગામ, વીતભયપાટણમાં વીરપ્રભુ અને નવાનગર( જામનગર )માં જિન-બિંબોને નમો. વળી સિંધ દેશમાં પ્રભાવશાળી ગોડીપાર્શ્વનાથને નમો કડી ૨૧–૨૩.

સાચોરમાં શ્રીવીરજિન, થરાદ, રાધનપુર, ધાણધાર દેશમાં શ્રી ભીલડીયા પાર્શ્વનાથ, જાલોરનગરમાં પાર્શ્વપ્રભુ, પાલણપુરમાં પાર્શ્વનાથ, ભિનમાલમાં ભયભંજન પાર્શ્વનાથ, મગરવાડામાં મણિભદ્ર યક્ષ, ખેરાલુમાં આદિનાથ, તારંગાગઢ ઉપર મહારાજા કુમારપાલે બંધાવેલું શ્રી અજિતનાથનું મંદિર, અહ્મનગર (હિમ્મતનગર), વીજાપુર, સાબલી, ઇડરગઢ ઉપર શત્રુંજય ગિરનારની સ્થાપના છે. પોસીનામાં મોટા પાંચ મંદિરો છે. આરાસણ( કુંભારીયા )માં શ્રી વિમલવિહાર અને અંબાજીનું મોટું મંદિર છે. કડી ૨૪–૩૧.

**આબુ**[17] પાસે **ઉબરણી** અને **દેવદ્રહ**[18]માં મંદિરો છે, ચંદ્રાવતીમાં વિમલશાહના વખતમાં ૧૮૦૦ મંદિરો હતાં, **સાંતપુર, આબથડે**[19], **તડતોલે**[20], **સાંગવાડે, ભારચે**[21] અને **કાછોલે**[22] જિનમંદિર છે. કડી ૩૨–૩૩.

આબુ ઉપરની મૂર્તિવાળી જમીન ઓળખવા માટે અંબાજીએ જુવારના ઢગલાની નિશાની કહી[23]. કડી ૩૫.

**વિમલશાહે** ૫૬ ક્રોડ સોનૈયા ખર્ચીને[24] વિમલવસહી મંદિર બંધાવ્યું. કડી ૩૭.

**વસ્તુપાલે** ૧૨ ક્રોડ સુવર્ણથી લુણિગવસહી મંદિર બંધાવ્યું. કડી ૪૦.

**દેલવાડા**માં દેવ-દિગંબર ( મહાદેવ ) વગેરેનાં ઘણાં મંદિરો હોવાથી તે દેવભૂમિ ( **દેવકુલપાટક** ) કહેવાય છે. કડી ૪૧.

---

૧૭. કડી ૩૧થી૬૩ સુધીમાં આબુ અને તેની આસપાસનાં ગામોનું વર્ણન છે. ૧૮. ઘણું કરીને ખરાડી પાસેનું 'દેલદર' હશે. ૧૯. આમથરા. ૨૦. તોડા. ૨૧. ભારજામાં. ૨૨. કાછોલીમાં. ૨૩. બીજા ગ્રંથોમાં કકુંના સાથીયાની નિશાની કહી છે. ૨૪. વિમલશાહે ૧૮ ક્રોડ ૫૩ લાખ અને વસ્તુપાલના ભાઇ તેજપાલે ૧૨ ક્રોડ ૫૩ લાખ રૂા. ખર્ચીને આબુ ઉપર મંદિરો બંધાવ્યાનો ઉલ્લેખ બીજા ગ્રંથોમાં જોવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માંડવગઢવાસી પ્રાગવંશ, સહસા** સુલતાન, તેમણે ( **અચલગઢ** ઉપર ) મંદિર કરાવ્યું. તેણે ૧૪૦૦ મણ પીત્તળની ૧૨ પ્રતિમા કરાવી. **ભીમાશાહે** તેમાં ભાગ લીધો અને પોતાનું ૧૦ ધડી[૨૫] સોનું તેમાં આપ્યું. સહસાએ પ્રતિષ્ઠા વખતે લાખ દ્રવ્ય સેવકને[૨૬] આપ્યું. કડી ૪૩–૪૫.

( અચલગઢની નીચે ) ભાણુવસહીમાં નેમિ જિણંદ છે, તે **કુમારપાલે** કરાવ્યું છે. કડી ૪૬.

**આબુ** ઉપર અર્બુદાદેવી, ગૌતમ અને વશિષ્ઠનો વાસ છે. સાત ધાતુ, બધી ઔષધી, કુંડ, નદી, સરોવર, વન, વાડી, વૃક્ષો, આંબા, ચંપા, કેતકી, જ્યાં બાર ગામનો વાસ, ચતુષ્પદ જાનવરો, નખી સરોવર, શ્રીમાતા, રસીઓ વાલમ વગેરે છે. આબુ ઉપર બાર પાજ ( રસ્તા) છે, ૧૨ યોજનનો વિસ્તાર અને તે સાત કોસ ઊંચો છે. કડી ૪૭–૫૦.

**હણાદરા**માં પાર્શ્વનાથનું મંદિર છે. કડી ૫૧.

**જીરાઉલા**માં પાર્શ્વનાથ **મંડાર**માં મંદિરો છે. **રામસેણ**[૨૭] રામચંદ્રજીનું તીર્થ છે. ત્યાં પીત્તલના આદિનાથ દેવ શોભે છે. કડી ૫૨–૫૩.

**નિંબજ**માં યુગાદિદેવ, **રચાકરે** અને **સીરોધી**માં પાર્શ્વનાથ ભગવાન્ છે. કડી ૫૪.

**કાલધરી**[૨૮], **બુઆડી, ગોહિલી**માં પાર્શ્વનાથ, **લાસી**[૨૯], **મણાઉદ્ર**[૩૦] ગામમાં આદિનાથ, **કોરટા**માં વીરભગવાન્, **વાગસેણ**માં જિનવરની જોડી[૩૧] છે. **કોલર**માં વિમલ, શાંતિ, સંભવ, આદિ, વીર ( એમ પાંચ મંદિરો ) છે. કડી ૫૫–૫૬.

**સિરોહી**માં આદિનાથ, અજિતનાથ, જીરાઉલા પાર્શ્વનાથ, શંખેશ્વર પાર્શ્વનાથ, ઋષભ, ચૌમુખ વગેરે મંદિરો છે. **પોરવાડ** સંઘવી **સીપા** અને **મેહાજલે** આ તીર્થ સ્થાપ્યું અને સંવત ૧૬૯૦માં તેમણે શત્રુંજયની યાત્રા કરી. ૫૭–૫૯.

**કાસિંદ્રા**માં મહાવીરસ્વામી અને યુગાદિદેવ, **ધાણે**[૩૨]માં વીર, **લોટાણે** શત્રુંજય જોડી ( જેવા ) આદિનાથ, **વસંતપુરપાટણ**[૩૩]માં આર્દ્રકુમારની નિશાની અને શાંતિનાથ, **વીરવાડા**માં ધર્મનાથ, **અજારી**માં વીરભગવાન અને સરસ્વતી દેવી; **નાણા, નિવલા ( નિપલા )** અને **નાંદીયા** આ ત્રણે ગામમાં જિવિતસ્વામી મહાવીર, **બ્રાહ્મણવાડા**માં શ્રી વર્ધમાન–આ બધાં આબુ ભૂમિના[૩૪] તીર્થો કહ્યાં. કડી ૬૦–૬૩.

---

૨૫. પાંચ સેર વજનની એક ધડી કહેવાય છે. ૨૬. ભોજકના જેવી સેવકની એક જાતિ છે. ૨૭ ડીસા કેંપથી જવાય છે. ૨૮. કાલંદ્રી. ૨૯. લાશગામ. ૩૦. મણાદરા. ૩૧. બે મંદિરો છે. ૩૨. દીયાણાજીમાં. ૩૩. વસંતગઢમાં. ૩૪. રામસેણ, નાણા વગેરે ત્રણ–ચાર ગામ સિવાયનાં કડી ૩૨ થી ૬૩ સુધીમાં વર્ણવેલા બધાય તીર્થો–ગામો સિરોહી સ્ટેટમાં આવેલાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બેહડા**( બેડા )માં **શ્રીસંસ્તવ** પાર્શ્વનાથ, રાતા મહાવીર ( **વીજાપુર** પાસે ), **છેછલી** ( **વાલી** પાસે ), **સણવાડી** અને **સાદરી**માં પાર્શ્વનાથ ભગાવાન છે. ૬૪.

**રાણકપુર**માં નલિનીગુલ્મના જેવું સુંદર ચૌમુખ ચૈત્ય **ધરણુશાહે** કરાવ્યું. **પ્રાગવંશ કામલદે**નો પુત્ર **ધરણો** સંઘવી જેણે સંવત **૧૪૪૬**માં[૩૫] શ્રી **સોમસુંદર-સૂરિ**નો ઉપદેશ સાંભળીને ધર્મની પ્રભાવના કરી, ચૌમુખ પ્રાસાદ **રાણકપુર**માં કરાવ્યો, સૂરિપદ મહોત્સવ કર્યો, **સિદ્ધાચલે** સંઘતિલક કરાવી, ઇંદ્રમાલ પહેરીને ૩૨ વર્ષની ઉંમરમાં ચતુર્થ વ્રત લીધું. તે વખતે બાવન સંઘ મલ્યા. તે **કુંભા** રાણાનો પ્રધાન હતો. કડી ૬૫-૭૦

**દેસૂરી**માં યુગાદિદેવ, **ઘાણેરાવ** વીર, **નાડુલાઇ**માં સુપાર્શ્વ અને **નેમનાથ** વગેરે નવ મંદિરો, **નાડોલ**માં નમિનાથ, **વરકાણા**માં પાર્શ્વનાથ, **જાલોર**માં ગઢ ઉપર શ્રી પાર્શ્વનાથ અને વીર, **શિવાણાગઢ મંડોવર**[૩૬]માં મહાબલી પાર્શ્વનાથ, **સોજત**, **જયતારણ**[૩૭], **ફલવધી**[૩૮], **ગંગાણી** ગામમાં સંપ્રતિ રાજાએ ભરાવેલ સોનાની પદ્મ-પ્રભુની મૂર્તિ છે. કડી ૭૧ થી ૭૪.

**જોધપુર**, **મેડતા**, **પાલી**માં પાર્શ્વનાથ, **ઓસિયા**માં શ્રીવામાનંદ, **બાહડમેરૂ**, **બીકાનેર**, **જેસલમેર**માં શ્રી આદિનાથ, શ્રી અજિતનાથ, શ્રીપાર્શ્વનાથ, શ્રીવીર, **નાગોર**માં પાર્શ્વનાથ વગેરે પશ્ચિમ દિશામાં અનેક તીર્થો છે. કડી ૭૯-૮૪.

( ચાલુ )

૩૫. સંવત ૧૪૯૬ જોઇએ. ૩૬. જોધપુર પાસે મંડોર. ૩૭. જેતારણ. ૩૮. ફલોધી.

## ( આદર્શ )

( શિખરિણી )

ઠરેલી બુદ્ધિથી, સુદૃઢ મનથી, પુખ્ત નજરે,
ધરિત્રી શાં ધૈર્યે, પૂનિત બળ, લાલિત્ય–સુરસે;
ભરેલી નારીએ, રચી, જગ પરે પૂર્ણ જતને,
કુ-પંથેથી વાળી, સુપંથમહિ, દોરી હુંફ ભરે;
છતાં એ સત્ત્વોનાં દેવી, ભર્યાં તેજ અમોલ જ્યાં;
પ્રભુનાં પાઠવેલાં કૈં',સ્વર્ગનાં દેવદૂત શાં !!

છોટમ અ. ત્રિવેદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન પરિસ્થિતિમાં—

મોહનલાલ દી. ચોકસી

જૈન ધર્મની વર્તમાન પરિસ્થિતિ ચક્ષુ સામે રમતી હોય એટલે એ સંબંધમાં લેખિની ને ગતિમાન કરવાપણું ન જ હોય! અહીં તો વર્તમાન પરિસ્થિતિ પ્રયોગથી એ ભાવ ગ્રહણ કરવાનો છે કે હે જીવ! હે આત્મન્! દશ દષ્ટાંતે દુર્લભ એવા મનુષ્ય જન્મ, અને તેમાં પણ આર્યક્ષેત્ર, પંચેંદ્રિયપણું અને અર્હત્ ધર્મની સાનિધ્યતા સંપ્રાપ્ત થયા છતાં તારી સાચી યાને આત્મિક ભૂમિકા કઇ છે એનો વિચાર કર. જાણ્યાનું ફળ અમલ કરવામાં જ રહેલું છે–ભલે તે અમલ ધીમો હોય! ધીમો કે અલ્પ હોય તેની ચિંતા નથી પણ તે અમલ ઉન્નતિના માર્ગ પ્રતિ લઇ જનાર અને વિલંબે પણ ધ્યેય સિદ્ધ કરાવનાર હોવો જોઇએ. એટલે પ્રત્યેક કરણી કે ક્રિયા એ સંબંધના જ્ઞાન કે હેતુ યુક્ત હોવી ઘટે. જેમ જ્ઞાન-વિહુણી ક્રિયા ઇચ્છિત કાર્ય કરી શકતી નથી તેમ ક્રિયા વા વર્તનમાં ઉતર્યા વગરનું જ્ઞાન વા અજાણ-પણું પણ વાંઝીયું જ જાણવું. અભ્યાસ ચાલુ રાખવો એ અવશ્ય જરૂરનું છે છતાં સારું યે જીવન માત્ર જાણવા કે વાંચવામાં ખર્ચી નાખવું અને વર્તનમાં કંઇ પણ ન આવવા દેવું એ જરા પણ પ્રશંસનીય નથી જ. **ज्ञानस्य फलं विरतिः** અર્થાત્ સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં જ આત્મા કૃત્યાકૃત્યનો વિચાર કરવા માંડે છે અને ત્યાગના માર્ગે આગળ વધે છે. પ્રત્યેક આત્માને માટે સામાન્ય રીતે કાર્ય-ક્રમ યોજવો હોય તો તે આ મુજબનો હોઇ શકે–

(૧) જ્ઞાન મેળવવું. (૨) ત્યાગ અને પચ્ચખાણ-માં દ્રઢતાથી પગ ધરવા. (૩) આશ્રવ યાને કર્મો કે પાપ આવવાના માર્ગો ક્રમસર શોધવા માંડવા. (૪) સત્તામાં રહેલ યાને જેની હજુ દેહમાં હૈયાતી છે કિંવા આત્મા સાથે જેઓ લાંબા કાળથી મળી જઇ ધામા નાખી પડ્યા છે એવા દોષો નષ્ટ કરવા. એ તપ તપવાથી કે પશ્ચાત્તાપ કરવાથી બની શકે. આમ શોધનવૃત્તિમાં પ્રગતિ થતી રહે તો કર્મના પંજા-માંથી આત્મા અવશ્ય મુક્ત થાય.

આ સામાન્ય પગથિયા પરથી દરેક આત્મા પોતાને અનુકૂળ નાના મોટા કે ઓછા વધતા અનુષ્ઠાનો સ્વીકારી લે. એમાં ઝીણવટ ને તરતમતા અવશ્ય હોય જ, આમ છતાં ધ્યેય તો સર્વનું એક જ હોય અને તે આત્માને કર્મથી મુક્ત કરવો અર્થાત એનું મૂળ સ્વરૂપ પ્રગટ કરવું. તેનો ઉપાય જ્ઞાન, દર્શન, ચારિત્રની સાધનામાં રહેલ છે. એ ત્રણ વસ્તુની પ્રાપ્તિ પણ સમ્યક્ રીતે કરવાની એટલે કે જે જ્ઞાન આત્મદશાનું ભાન કરાવનાર હોય અને પૌદ્ગલિક વિષયોથી છોડાવનાર હોય, જે દર્શન યાને શ્રદ્ધા સાર અને અસાર પદાર્થો પરત્વે પૂર્ણ વિચારણા કરી નિયુક્ત કરાયેલી હોય, અને જે ચારિત્ર યાને અનુકરણ માત્ર જનતાની પ્રશંસા–પૂર્તિરૂપ ન બની રહેતા સત–ચિત્ ને આનંદની પ્રાપ્તિ કરાવનાર હોય તેવા સમ્યક્ ગુણોની જ જરૂર છે. આત્માના એ નૈસર્ગિક લક્ષણો હોવા છતાં કર્મદ્વારા તે અનાદિ કાળથી અવરાઇ ગયેલા છે. માત્ર પુરુષાર્થ ફોરવી એને પ્રકાશમાં લાવવાની અગત્ય છે એટલે 'જીવ' એ જ 'શિવ' એ દશાએ જતાં પૂર્વે આત્માએ બહિર્ભાવ તજી દઇ, અંતર સ્વરૂપનો જ્ઞાતા બની, પશ્ચાત્ પરમાત્મત્વ સાધવાનું છે. એ સારુ સંસારસ્થ આત્માએ અર્થ ને કામમાંથી વધુ સમય બચાવીને ધર્મ પુરુષાર્થનો પલ્લો પકડવાનો છે. માત્ર ધર્મ પુરુષાર્થનો નાકનો છેડો જાળવવાથી આત્મા જયશ્રી વરી ગયો એમ ન સમજવું. પ્રથમ અભ્યાસ, વાંચન, મનન અને તેવા અન્ય સાધનો મારફતે જ્ઞાન મેળવવા માંડવુ. એ સારુ દિવસના અમુક કલાક નિયત કરવા જ જોઇએ અને એમાં કંઇ ને કંઇ નવું જાણવું જ જોઇએ. આમ અભ્યાસ વધતાં જ સાચી શ્રદ્ધા ઉદ્ભવશે. એ રીતે સમ્યક્ જ્ઞાન પછી સમ્યક્ દર્શનનો વારો આવશે. જ્ઞાનથી જ સમજાશે કે આત્મા છે, તે અમર છે,

For Private And Personal Use Only

તે જ કર્મનો કર્તા, હર્તા અને ભોક્તા છે, તેને કર્મોથી છૂટવું હોય તો છૂટી પણ શકે છે અને એવા છૂટેલા આત્માઓ જ્યાં વસે છે એવું સ્થાન પણ છે. જ્યાં હાથમાં નાડ આવી કે આત્મકલ્યાણના ઉપદેષ્ટા પ્રત્યે તીવ્ર શ્રદ્ધા જન્મવાની. તેઓએ ચીંધેલા માર્ગે કૂચ કદમ કરવાના પરિણામ થવાના. અત્યાર સુધી કેવી ભ્રમણામાં ભટકાયો એનો ખ્યાલ પણ આવવાનો. એ પળે સાચો ભાસ થવાનો કે આ બધાં ઊંધા પાટા બંધાવનારમાં 'મોહનીય કર્મ' જ મુખ્ય છે. એના પુત્રો રાગ, દ્વેષ અને પૌત્રો ક્રોધ, માન, માયા અને લોભ જ આ સંસારભ્રમણના નિમિત્તભૂત છે, માટે હરકોઈ રીતે, પૂરતું બળ ગ્રહણ કરીને, સઘળું પરાક્રમ ફોરવીને પણ એ ધૂતારાના પંજામાંથી સદાને માટે છટકી શકાય એવા ઇલાજો આદરવા જ જોઇએ. જ્યાં આ ભાવ દૃષ્ટિભૂત થયો કે તરતજ દૃષ્ટિ સમ્યક્ ચારિત્ર પર પડવાની. પછી ક્યાં તો તે દેશથી હશે કે સર્વથી. દેશથી હોય તે શ્રાવક ધર્મ રૂપ અને સર્વથી હોય તો એ સાધુ ધર્મરૂપ. જ્યાં સાધન હાથ લાગ્યું ત્યાં પછી સિદ્ધિનો આધાર વીર્યની ઉત્કટતા પર અને એ સાથે પાંચ સમવાયની સાનુકૂળતા ઉપર અવલંબવાનો. હા, એટલું નજર સામે રાખવું કે મૂળ વસ્તુ સરી જાય તેવી બેદરકારી હરગીજ ન સેવવી. જો પ્રમાદથી પણ એવી એકાદી ભૂલ થઈ ગઇ તો જીતી બાજી હારી જવાય. 'ભૂલ્યો કે પછડાયો' માટે જ સદૈવ જાગ્રત રહેવાની ખાસ આવશ્યકતા છે. શ્રીમદ્ આનંદઘનજી મહારાજે ચોવીશમા પ્રભુની સ્તુતિ કરતાં આત્મોન્નતિ સાધવાના માર્ગો પ્રત્યે ઇશારા કર્યા છે તે પ્રતિ દરેક વ્યક્તિએ પૂરતું ધ્યાન આપવાની જરૂર છે. શ્રાવકની નાની-શી કરણીથી આગળ વધી પ્રતિમા વહન સુધી પહોંચી જનાર આત્મા કલ્યાણ સાધી શકે છે અને બળ ફોરવી અનગારત્વ સ્વીકૃત કરે તો એનો માર્ગ મોકળો અને સીધો બને છે, એમાં જરા પણ શંકાને સ્થાન નથી. મુખ્ય વાત આવીને ઊભી તો ત્યાં જ રહે છે કે ઉકત પ્રકારની દરેક કરણી લક્ષ્યને નજરમાં રાખી કોઇ પણ જાતની પૌદ્ગલિક આશાઓ સિવાય કેવળ આત્મિક શ્રેય અર્થે કરાયેલી હોવી જોઇએ. જડ અને ચેતન વચ્ચેનું વૈષમ્ય બરાબર સમજી રાખી, જ્યાં જ્યાં, જ્યારે જ્યારે અને જેટલું જેટલું શક્ય હોય ત્યાં ત્યાં, ત્યારે ત્યારે અને તેટલું તેટલું જડત્વ કિંવા પૌદ્ગલિક ભાવ છોડી દઇને, મૂળથી એનું છેદન કરીને—આત્મત્વ યાને ચેતનાની જ્યોત બળતી રાખવાની છે. સમભાવ દશા ખીલવતા પ્રગતિ સાધવાની છે અને સમતા જે મોક્ષસુખની વાનકી છે એનો જાતે અનુભવ કરવાનો છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલ્યાણકારી ધર્મ માર્ગ

મુનિશ્રી ન્યાયવિજયજી

આજે સંસારમાં જ્યાં નજર નાખશો ત્યાં અશાન્તિની જ્વાલા ભડકતી નજરે પડશે. શું રાજા કે રંક, શું ગરીબ કે તવંગર બધાએ શાન્તિને માટે દોડધામ કરે છે; પરન્તુ સાચો માર્ગ હાથ નથી આવતો. સંસારમાં એવો કોઇ પ્રાણી નહિ હોય જે દુઃખની ઇચ્છા કરતો હોય, બધાયને સુખ જોઇએ છે પરન્તુ સુખનો માર્ગ ગ્રહણ કરવો નથી પછી સુખ મળે ક્યાંથી? યદિ એક મનુષ્ય પોતાના આંગણામાં આંબો રોપે છે તો તેનાં એને મીઠાં મધુર અને સ્વાદુ આમ્રફલો મળવાનાં જ એમાં સંદેહ નથી, કિન્તુ બાવળીયો રોપે તો શું મળે તેની કલ્પના વાચકો કરી લ્યે. પ્રાણી માત્ર પોતાના શુભાશુભ કર્મોનું ફળ મેળવે છે પરન્તુ એ કર્મનો કર્તા તો આ જીવ જ છે, પછી શા માટે હિતકારી માર્ગ નથી ગ્રહણ કરતો? યદિ આપણને દુઃખ નથી પ્યારું, તો બીજા જીવને દુઃખ પ્યારું કેમ હોઇ શકે? એટલું ચોક્કસ સમજી રાખવું કે આપણે કલ્યાણકારી માર્ગે ચાલીશું તો આપણું કલ્યાણ જરૂર થવાનું છે. જૈન ધર્મની મુખ્ય વિશિષ્ટતા જ એ છે કે આ જીવનો કોઇ હાથ પકડી મોક્ષમાં, સ્વર્ગમાં કે નરકમાં લઇ જવાનું નથી. યદિ તે સત્કર્મ કરે છે, કર્મોના નાશ માટે પ્રયત્ન કરે છે, રાગ અને દ્વેષ જીતે છે તો અવશ્ય તે સુખ પામવાનો જ છે; અને સત્કર્મ નથી કરતો, પાપ કર્મ કરે છે તો નિશ્ચયે તે દુઃખ જ પામવાનો છે. પાપ કર્મ કરનાર ભલેને મોટો ચક્રવર્તી હોય કે મહાન્ જૈનાચાર્ય હોય પણ તેને તેનું બુરૂં ફલ મળે જ છે અને સત્કર્મ કરનાર ભલેને એક ગરીબ હોય, એક સામાન્ય સાધુ હોય પણ તેનું ઉત્તમ ફલ જરૂર મલે છે. અન્ય દર્શનકારોની જેમ એવી કોઇ શક્તિ જૈન દર્શન નથી સ્વીકારતું કે એની મરજી પ્રમાણે સ્વર્ગ, મોક્ષ કે નરક આપી શકે. ભગવાન્ મહાવીર દેવનું જ દૃષ્ટાન્ત લ્યોને. ઇતિહાસની આદિમાં મરીચી તરીકે, ભગવાન્ ઋષભદેવજીના પૌત્ર અને શિષ્ય તરીકે આપણને તેમનાં દર્શન થાય છે, પરંતુ ઉચ્ચ કુલનો મદ અને અસત્ ધર્મની પ્રરૂપણાને અંગે કેટલો લાંબો ભવચક્ર એ ભમે છે? કેટલાં આકરાં કષ્ટો અને દુઃખો ભોગવે છે? એમના જીવનના એક એક પ્રસંગ આપણે માટે અમૂલ્ય ઉપદેશ–આદર્શરૂપ છે અને છેલ્લે વીર પ્રભુના ભવમાં ક્યાં ઓછું સહવું પડે છે? આપણે એ દેવાધિદેવનું ચરિત્ર સાંભળીએ છીએ ત્યારે આંખમાં અશ્રુધારા વહે છે પરન્તુ પછી આપણે શું કરીએ છીએ? એનો વિચાર સરખોયે આપણે નથી કરતા. કર્મરાજાએ એવા મહાપુરુષની, જગદ્વંદ્ય વિભૂતિની શરમ ન રાખી એ આપણી શરમ કેમ રાખશે, એનો વિચાર કેટલા કરે છે? પ્રભુ મહાવીર પરમાત્મા ખરા પણ કાંઈ જાદુથી નહિ, એ તો સર્વથા કર્મ રહિત બને, રાગ અને દ્વેષનો સર્વથા ત્યાગ–નાશ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર પછી જ સિદ્ધિપદ પામે. તેમ આપણે પરમાત્મા થઈ શકીએ ખરા–ક્યારે ? કર્મોથી રહિત થઈએ ત્યારેને ? કર્મ રહિત થવા માટે સંસારત્યાગ ભોગોની વિરક્તિ અને ઇન્દ્રિયોના સંયમની પૂરેપૂરી જરૂર છે. સાથે રાગ અને દ્વેષનો ત્યાગ અવશ્ય કરવો જ પડશે. જ્યાં સુધી રાગ અને દ્વેષના પડલો આપણા આત્માને આવરણ કરી રહ્યા છે ત્યાંસુધી આપણી પૂરેપૂરી ઉન્નતિ થવાની નથી. મુક્તિનો માર્ગ દર્શાવતાં યોગીપુરંદર શ્રી મુનિસુન્દરસૂરિજી ફરમાવે છે કે–

" मिथ्यात्वयोगाविरतिप्रमादान्
आत्मन् ! सदा संवृणु सौख्यमिच्छन् ।
असंवृता यद्भवतापमपेते
सुसंवृता मुक्तिरमां च दद्युः ॥ १ ॥ "

"હે ચેતન ! જો તું સુખની ઇચ્છા રાખતો હોય તો **મિથ્યાત્વ, યોગ, અવિરતિ** અને પ્રમાદનો સંવર કર, તેઓનો સંવર ન કર્યો હોય તો તે સંસારનો તાપ આપે છે પણ જો તેઓનો સારી રીતે સંવર કર્યો હોય તો **મોક્ષલક્ષ્મી**ને આપે છે."

આ તો છે ઉત્કૃષ્ટ કલ્યાણકારી માર્ગ. પ્રાણીમાત્ર આ માર્ગે ચાલી આત્મશુદ્ધિ કરે અને શાશ્વત સુખ પામે એમાં લગારે સંદેહ નથી, પરંતુ આ માર્ગે આવવાને માટે શરૂઆતમાં સામાન્ય ધર્મની આરાધના જરૂર કરવી જોઇએ. આત્મકલ્યાણના માર્ગોમાં પણ સરલતા અને તેમાં યે ધર્મમાર્ગની સરલતાથી જીવો તેમાં જલ્દી જોડાય છે એટલા જ ખાતર સર્વમાન્ય થઈ શકે તેવા સામાન્ય શ્રેય માર્ગનું નિરૂપણ એક વિદ્વાન્ કવિના શબ્દોમાં જ આપું છું. વાંચકો પણ એ વિચારી હંસક્ષીર–ન્યાયથી યોગ્ય ગ્રહણ કરશે.

प्राणघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषां तृष्णास्रोतो विभंगो गुरुषु च विनयः सर्वभूतानुकंपा सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पंथाः ॥

૧. કોઇ પણ જીવની હિંસા ન કરવી. ૨. બીજાનું ધન હરણ કરવામાં સંયમ રાખવો. ૩. સત્ય બોલવું. ૪. સમયે યથાશક્તિ દાન કરવું. ૫. પરસ્ત્રીની ચર્ચામાં મૌનભાવ–( પરસ્ત્રીની ચર્ચા ન કરવી, ન સાંભળવી ) ૬. તૃષ્ણાના પ્રવાહને તોડવો. ૭. ગુરુજનો–વડીલોનો વિનયભાવ અને ૮ પ્રાણીમાત્ર પ્રત્યે દયા–અનુકમ્પા રાખવી. સામાન્ય રીતે દરેક ધર્મોને સમ્મત એવો આ કલ્યાણકારી માર્ગ છે. અર્થાત્ દરેક ધર્મવાળા મનુષ્યો ઉપર્યુક્ત ધર્મોનું પાલન કરી શકે છે, એમાં કોઇને વાંધો છે જ નહિં.

ઉપર્યુક્ત શ્લોકમાં આવેલા કલ્યાણકારી માર્ગનું આપણે થોડું વિવેચન કરીએ.

## ૧. કોઈ પણ જીવની હિંસા ન કરવી.

જૈન ધર્મ તો કોઇ પણ પ્રાણીની હિંસા ન કરવાનું કહે છે. આ જ પણ **અહિંસા ધર્મ** જૈનોનો જ માનનીય ધર્મ કહેવાય છે. ધર્મની જનની અહિંસા કહી છે. ધર્મની ઉત્કૃષ્ટતા બતાવતાં પણ કહ્યું " अहिंसा संयमो तवो " જૈનોની અહિંસા સંબંધી " विश्व इतिहास की झलक" નામક પોતાના પુસ્તકમાં મહાન દેશનેતા શ્રીયુત પં. જવાહરલાલજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નેહરુ લખે છે કે "अहिंसा में इनकी बडी श्रद्धा है, और ऐसा काम करने के ये बिलकुल खिलाफ हैं कि जिसमें किसी भी जीव को तकलीफ पहुंचे"[1]

જૈન ધર્મની અહિંસા સર્વોત્કૃષ્ટ છે. એ તો કહે છે કે प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा. વર્તમાન યુગના મહાન આચાર્યશ્રી ધર્મ-વિજયસૂરિજી મહારાજે તો ત્યાંસુધી જણાવ્યું છે કે "द्वेषबुद्धया अन्यस्य दुःखोत्पादनं हिंसा" અન્ય ધર્માવલંબીઓ ભલે અહિંસાને આટલી સૂક્ષ્મ દૃષ્ટિએ માન ન આપતા હોય છતાં યે अहिंसा परमो धर्मः માને છે, કોઇ પણ જીવને મારવો એ તો હિંસા છે જ પરન્તુ તેને દુઃખ દેવું, તેને સતાવવો કે પીડા કરવી પણ હિંસામાં જ સમાય છે. આપણા પગમાં એક કાંટો વાગતાં કેટલું દુઃખ થાય છે ? આપણને કોઈ કટુ વચન કહે, આપણો કોઇ તિરસ્કાર કે અપમાન કરે તો આપણને કેટલી વેદના થાય છે ? એવી જ રીતે આપણે બીજા કોઇ પ્રાણીને મારીએ, દુઃખ આપીએ, કટુ વચન કહીએ તો તેને કેટલું દુઃખ થાય એ વિચારવાની જરૂર છે.

ખરી રીતે જેને સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે તેણે પ્રાણી માત્રને સુખ આપવું જોઇએ. જે માણસ બીજાને રિબાવે છે, દુઃખ આપે છે, પીડા કરે છે કે સતાવે છે તે માણસ કદી પણ સુખ પ્રાપ્ત કરી શકતો નથી. યદ્યપિ હું અહીં જૈન ધર્મની અહિંસા વિષે લખવા બેસું તો તો ગ્રંથ જ થઇ જાય એટલે અહિંસાની સૂક્ષ્મ વીગતોમાં તો નહિં જ ઉતરું. આજે કેટલા મનુષ્યો માનવદયા તો માને છે પરંતુ પ્રાણી માત્રની દયામાં નથી માનતા, પરન્તુ એ તો અહિંસાના સ્વરૂપ પ્રત્યેની તેમની અજ્ઞાનતા જ છે. જીવની દૃષ્ટિએ તો બધાની રક્ષા કરવાની જરૂર છે. ભલે પછી આપણી અસમર્થતા કે અજ્ઞાનતાને લીધે બધા જીવોની અહિંસા ન પાળી શકતા હોઇએ એ જુદી વાત છે; પરન્તુ એ ભૂલ છે એમ માન્યા સિવાય નહિં ચાલે. आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पण्डितः યાદ રાખવાની જરૂર છે.

કવિ કબીરદાસજી પણ કહે છે કે " जहां दया तहां धर्म हैं " આગળ ઉપર કબીરજી કથે છે

दयाभाव जानै नहीं ज्ञान कथै वेहद्द,
ते नर नर्क ही जायँगे सुनि सुनि साखी शब्द।
दया दिलमें राखिये तू क्यों निरदय होत,
सांइके सब जीव हैं कीरी कुंजर दोय ॥

અને જેઓ જગતકર્તાને માને છે તેઓ તો કદી પણ કોઈ જીવની હિંસા કરી જ ન શકે. તેમના મતે જ્યારે એક ઇશ્વરે તેમને બનાવ્યા છે ત્યારે બધા એક જ પિતાના પુત્ર થયા પછી ભાઇ ભાઇને મારતાં કેમ નથી અચકાતો ? (ચાલુ)

૧. શ્રીયુત નેહરૂજીએ આ પુસ્તક બે ભાગમાં પ્રગટ કર્યું છે અને લગભગ પંદરસો પાનાં છે. બુદ્ધદેવ માટે બે પાનાં રોક્યાં છે; જ્યારે ભગવાન્ મહાવીર દેવ માટે એક જ પંક્તિ અને જૈનો માટે માત્ર સાત જ પંક્તિ છે. અને તે પણ " महावीरने आजकल का प्रचलित जैन धर्म चलाया. "થી શરૂઆત છે. જૈન ધર્મ સંબંધી પંડિતજીને જ્ઞાન જ નથી મળ્યું લાગતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાર * દુર્લભ * વસ્તુઓ

લેખકઃ ગાંધી

## મનુષ્યપણું, ધર્મનું શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ

સામાન્ય રીતે જીવો વિવિધ કામનાઓથી મૂઢ બની અનેક કર્મો કરી પરિણામે સંસારમાં ચોરાશી લાખ યોનિઓમાં પરિભ્રમણ કરે છે, અને કોઇ વાર દેવતા, કોઇ વાર નારકી, કોઇ વાર મનુષ્યપણું પામે છે; પરંતુ કામિની–કંચન અને ભોગ–ઉપભોગથી નહીં કંટાળતાં કર્મોને સ્વીકારી, બંધ કરી, વારંવાર વિધવિધ યોનીમાં જન્મ લેતાં કંટાળતા નથી અને સ્થળે સ્થળે તે પ્રાણીઓ આમ અત્યંત દુઃખ પામતાં, વેદના અનુભવતાં અને ઘણી વખત તો મનુષ્ય સિવાય અન્ય યોનિમાં ભટકયાં કરે છે. તેમ કરતાં કરતાં ઘણા લાંબા કાળક્રમે કરીને કોઇ વાર શુદ્ધિ પામેલા અનેક પુણ્યરાશી એકઠી થતાં વિરલ જીવો કર્મોનો નાશ કરી શકાય તેવું મનુષ્યપણું પ્રાપ્ત કરે છે.

દુર્લભ એવું મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં અહિંસા, તપ, ક્ષમામાં પ્રવૃત્તિ કરાવનાર એવા સદ્ધર્મનું શ્રવણ થવું દુર્લભ છે.

કદાચે કોઇને સદ્‌ભાગ્યવશાત્ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થાય તો પણ તેમાં શ્રદ્ધા ઉત્પન્ન થવી અતિ દુર્લભ છે, કારણ કે ઘણા મનુષ્યો ધર્મ જાણવા છતાં શ્રદ્ધાથી દૂર રહે છે.

અને કદાચ કોઇને તેમાં શ્રદ્ધા પણ ઉત્પન્ન થાય પરંતુ તે પ્રમાણે પુરુષાર્થ કરવો એ તેથી પણ મુશ્કેલ છે, કારણ કે અનેક મનુષ્યોને સારી સારી વસ્તુઓમાં શ્રદ્ધા હોવા છતાં તે પ્રમાણે આચરણ કરતા નથી પરંતુ જેઓ મનુષ્યપણું પામી, સદ્ધર્મનું શ્રવણ કરી, તેમાં શ્રદ્ધાવાળા થઇ તે પ્રમાણે આચરણ કરે છે, એટલે અહિંસા, તપસંયમનો આદર કરી મોક્ષ પ્રાપ્ત કરે છે. તેથી કર્મોનું સ્વરૂપ, તેના વિવિધ હેતુઓ જાણી તેમનો ત્યાગ કરી સાથે વિવિધ શીલોવડે પરમપદ મેળવવા ઉત્સુક થવું. પ્રયત્ન કરવા છતાં આ જન્મમાં સંપૂર્ણ સિદ્ધિ ન થાય તો તેથી કંઈ નિરાશ થવાનું કારણ નથી, કારણ કે તેટલું પણ કરતાં મનુષ્ય દેવગતિમાં જાય છે, ફરી મનુષ્ય ભવ પ્રાપ્ત થતાં ઉત્તમ કુળમાં જન્મે છે, ધર્મશાસ્ત્રો–આગમોમાં જણાવ્યા પ્રમાણે વૈભવ–ઘર, બગીચા, સોનું–રૂપું, નોકર–ચાકર, ઉત્તમ મિત્રો અને ધર્મ, સુશીલ સ્ત્રી, સહૃદય જ્ઞાતિજનો, ઉત્તમ ગોત્ર તથા વર્ણ, નિરોગી કાયા, કુશાગ્ર બુદ્ધિ, યશ, પરાક્રમ અને અમીરાત વિગેરે પ્રાપ્ત થાય છે.

પૂર્વજન્મના સંસ્કારોથી પ્રથમથી જ ઉદય આવેલ વિશુદ્ધ આચરણ અને ધર્મ લેશ્યાવડે અસામાન્ય વૈભવ પુણ્યોદયે મળ્યા છતાં, ઉપભોગ કરવા છતાં તેમાં અનાસક્ત રહી શુદ્ધ બોધ પ્રાપ્ત કરે છે અને જ્ઞાની ભગવંતોએ બતાવેલ સંયમપ્રધાન મોક્ષ માર્ગ સ્વીકારી, તપવડે સકલ કર્મોનો નાશ કરી છેવટે સિદ્ધિપદ પ્રાપ્ત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુઃખની...ભ્રાન્તિ....

લેખક : **મુનિ મહારાજ શ્રી વિનયવિજયજી મહારાજ**

**આ** લેખમાં વિનય પોતાને અનુભવસિદ્ધ હકીકતો જ લખશે અને વાંચનારને પણ ભલામણ કરે છે કે-તમારા વિચારના પ્રવાહના વેગની આડે જે જે વિઘ્નોરૂપ જણાય તેને દત્તચિત્તથી વધાવી લ્યો. જ્યારે આપણે આપણા ચિત્તની સમતા ગુમાવતા નથી, જ્યારે આપણે આપણા કેંદ્રસ્થાનમાં સ્થિર રહીએ છીયે ત્યારે આભાસમાન થતાં આવરણો અને દૃષ્ટિગોચર થતી ઉપાધિયો આનંદમાં બદલાઇ જાય છે. જો કોઇ મનુષ્યે પોતાની જિંદગીનો બધો વખત એશઆરામ અને મોજશોખમાં ગાળ્યો હોય તો આખરે તેને બધી ભૂલોના ભોગ થવું જ પડશે. જ્યાં સુધી એવી રીતે ઠોકર ખાય નહિં ત્યાં સુધી તે પોતાની ભૂલોનો ત્યાગ કરશે નહિ અને સારું જીવન ગાળવા પ્રયત્નો પણ કરશે નહિં. જ્યારે તે એમ જોશે કે મારા આગળના બધા નહિ તો ઘણા વિચારો મારા જીવનના રસ્તામાં આડી દિવાલોરૂપ હતા ત્યારે જ તે આત્મસ્થિરતાથી પોતાનું જીવન ગાળતાં શીખશે. કયો આનંદ દુઃખ કે સંકટની પ્રસ્તાવના વિના શરૂ થાય છે? કયો પ્રકાશ અંધકારના સમૂહ વિના અન્ય સ્થળેથી ઉદય પામે છે? અને કયું માખણ વલોણા વિના પ્રાપ્ત થાય છે? અને તેમ જ મૂર્ખ, કાયર, ડરપોક મનુષ્યો અંધકાર કે શ્રમના નામ માત્રથી પણ ડરે છે. ધર્મ ભાવના આપત્તિયી જ ખીલે છે. આત્મસ્થિરતા એ જ આપત્તિ-ચિંતા અને દુઃખનો ઉદ્દેશ છે. જડ પદાર્થોમાં આસકિત વધવાથી દુઃખો અને આપત્તિયો આવી પડે છે એવો બોધ દુઃખમાંથી જ મળે છે. જગત એટલા જ માટે દુઃખી છે કે તે ખરા સત્યને સમજતું નથી. કુંભાર કાચા ઘડાને ટપલાથી આળેખ આપે છે ત્યારે અંદરથી આધાર પણ રાખે છે. દુઃખ એ ટપલા છે અને સુખ એ અંદરનો આધાર છે.

એક ભલા શેઠને ત્યાં દુષ્ટ નોકર હતો. શેઠ બહાર ગયેલા તે વખતે તેના ઘર પર કોઇ મેમાનો આવ્યા. તેણે પેલા નોકરને પૂછયું પણ નોકરે કાંઇ સીધો જવાબ આપ્યો નહિ. થોડીવારે શેઠ ઘેર આવ્યા. મેમાનોની બરદાસ કરી. મેમાનોએ પૂછયું કે આ માણસ કોણ છે? શેઠે કહ્યું કે એ મારો નોકર છે. પેલાએ કહ્યું કે આવા જંગલી માણસને નોકર શા માટે રાખ્યો છે? શેઠે કહ્યું કે તેવો જાણીને જ તેને રાખેલ છે, કારણ કે તે રોજ મારું પણ ઘણી વાર અપમાન કરે છે અને તેથી મારું અભિમાન ઉતરી જાય છે. એટલા જ માટે એને વધારે પગાર આપીને પણ રાખું છું. આ દૃષ્ટાંતમાંથી મને બહુ જાણવાનું મળ્યું છે. વાંચનાર પણ જાણે એમ ઇચ્છું છું. મુદ્દગળ જેમ કસ્તૂરતમાં બળ આપે છે તેમ તે નોકર શેઠને આત્મબળ આપતો હતો. વિઘ્નો, દુઃખો ને ઉપાધિયોનો ઉપયોગ આત્મશક્તિ ખીલવવામાં કરો એવો જ બોધ આપણાં શાસ્ત્રો આપણને આપે છે.

એક શેઠના ઘરમાં કુભારજા સ્ત્રી હતી. તે શેઠને ઘણી વાર પજવતી હતી પણ શેઠ સમતાથી સહન કરતા હતા. એક વાર તો ઘણી ગાળો દેવા છતાં પણ શેઠ સમતામાં રહ્યા તે જોઇ પેલી સ્ત્રીએ એઠવાડનું હાંડલું ભર્યું હતું તે લઇ શેઠના ઉપર ઉંધું વાળ્યું ત્યારે શેઠ હસીને બોલ્યા કે ઘણી વાર ગાજ્યો તે વરસ્યો પણ ખરો. પેલી શેઠાણીને લજ્જા આવી ને અંતે તે પણ સુધરી. આ જ દૃષ્ટાંતે મહાત્માજીએ સરકાર સાથે કામ લીધું હતું ને તેનું પરિણામ પણ તેવું જ આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે જોઇ શકીએ છીયે, માટે શુભ, મંગળ અને કલ્યાણકારક જો કાંઇ હોય તો તે કહેવાતાં દુ:ખ, શોક અને કલેશો જ છે. એટલા જ માટે પ્રભુ મહાવીર જેવાએ પણ કંચનવરણી કાયા, જશોદા જેવી સ્ત્રી ને સામ્રાજ્ય લક્ષ્મીને પણ લાત મારી તેવાં દુ:ખોને, પરિષહોને અપનાવ્યા હતા. શરીર રોગગ્રસ્ત એ પણ દુ:ખ છે અને તેમાંથી પણ પ્રગતિ થાય છે. વાસના તૃપ્ત થતાં કલેશ અને રોગાદિ થાય છે અને તે જ વાસનાનો ક્ષય કરે છે. આજ તમો કારાગૃહમાં હો તો તેની ચિંતા ન કરશો, કાલે જ તમો વૈભવસંપન્ન પણ થાઓ અને જયજયકાર પણ થાય. આ સૃષ્ટિક્રમમાં અતિઘોર અને તીવ્ર જીવનસંગ્રામ ચાલ્યા જ કરે છે, અને તે સદાકાળ ચાલ્યા જ કરવાનો. સ્વામી રામતીર્થે એક વખતે પોતાના ગુરુને લખેલ કે સેવકના શરીરના ટુકડા ટુકડા કરી નાખવાની આજ્ઞા મળે તો પણ પૂર્ણ આનંદ અને પરમ કૃપા સમજાય તેમ છે. તમે દુ:ખી છો? સતાવાયેલા છો? ચિંતાતુર છો? દુ:ખ, ચિંતા અને સતામણીમાંથી પણ ભોળપણું છોડવાનું શિક્ષણ નહિ લો તો તમારે માટે કોઇ શાળા કે સ્કૂલ છે જ નહિ. સ્વાનુભવો અને ખાસ કરીને દુ:ખો કોઇની પાસ કહેશો નહિ. પારકા દુ:ખો સાંભળવામાં સહુને બહુ મજા પડે છે, પરંતુ દુ:ખો અને તેનું રહસ્ય સમજવાની લાયકાત વિરલામાં જ હોય છે. દુ:ખ કહેવું, વખત ગુમાવવો, પોતાને વધારે દુ:ખ ઉપજાવવું અને બીજામાં પોતાની હાંસી કરાવવી. આ સિવાય તેમાં બીજો કોઈ પણ ફાયદો હોવાનો સંભવ નથી. આ વાતમાં પણ અપવાદ જરૂર છે પણ તેની તુલના કરનાર જ તેનો તોલ કરી શકે, માટે વ્યાધિ, મૃત્યુ, ક્ષુધા, આક્ષેપ–આ બધા કલેશ કે દુ:ખ ગમે તે હોય તેની પરવા વિના તમારા આત્માના અખંડ સ્વરૂપમાં સદા મગ્ન રહો એ જ મહાવીરના કથનનો અંતિમ સાર છે. આવા મહાવાકયોનો '**વિનય**' એકાંતમાં એકાગ્રતાપૂર્વક મનન અને નિદિધ્યાસન કરે છે અને તેમાં જે આનંદ અનુભવે છે તે બીજે કયાંય સંભવતો નથી.

સંગઠનનો અર્થ પણ અહિંસા જ છે. જે લોકો સંગઠિત થવા માગે છે તેઓ માંહોમાંહે પ્રેમભાવ રાખે છે, એક બીજાથી થતા કષ્ટને મીઠું જ માને છે. વ્યાપક અહિંસા એટલે વિશ્વસંગઠન. ધર્મ દૃષ્ટિએ જોઇએ તો પણ અહિંસા એક સર્વોચ્ચ સાધના છે. જે અમૃત તત્ત્વની શોધ આપણે લાખો વરસથી કરી રહ્યા છીએ તે અહિંસા જ છે.

— કાકા કાલેલકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થ

લે૦ આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ

**तीर्यते अनेन इति तीर्थम्**—જે વડે કરીને તરાય તે તીર્થ અર્થાત્ તરવાનું સાધન. આ તીર્થની વ્યાખ્યા બહુ જ પ્રસિદ્ધ અને પ્રચલિત છે. સ્થાવર અને જંગમ એમ બે પ્રકારના તીર્થ શાસ્ત્રોમાં વર્ણવ્યાં છે. ચતુર્વિધ સંઘ જંગમ તીર્થ કહેવાય છે અને કલ્યાણક ભૂમિયો, કેવળજ્ઞાન, નિર્વાણભૂમિયો અથવા તો સ્થાપનાભૂમિયો સ્થાવર તીર્થ કહેવાય છે. આ બંને પ્રકારના તીર્થો સ્થાપન કરવામાં તીર્થંકરો અનંતરથી અને પરંપરથી કારણભૂત હોય છે. કેવળજ્ઞાન થયા પછી સઘળા ય તીર્થંકરો જંગમ તીર્થની સ્થાપના કરે છે અને નિર્વાણ પામ્યા પછી જંગમ તીર્થ સ્થાવર તીર્થની સ્થાપના કરે છે. ત્યારપછી કલ્યાણક તથા સ્થાપનાભૂમિયો સ્થાવર તીર્થ તરીકે પ્રસિદ્ધિમાં આવે છે અને તે પ્રભુની હયાતી પછીના તરવાની ભાવનાવાળા ભવ્ય જીવોને સંસારમાંથી તરવાનું અદ્વિતીય સાધન ગણાય છે. અનાદિ કાળથી કષાય-વિષયરૂપ અનુશ્રોત-પ્રવાહમાં ઘસડાતા જીવોને પ્રતિશ્રોત-સામે પૂરે તરીને સંસારથી બહાર નીકળવામાં સ્થાવર તીર્થ અસાધારણ સહાયક થાય છે.

## તીર્થસ્પર્શનની આવશ્યકતા

પ્રત્યેક ગામમાં સ્થાપનાતીર્થ હોય છે, અને તેના દર્શન-પૂજન કરીને અનેક ગ્રામવાસિયો ભાવનાનુસાર લાભ લે છે, છતાં તેમને પણ વિશિષ્ટ ભાવશુદ્ધિદ્વારા વિશિષ્ટ ફળ મેળવવાને તીર્થંકરોની કલ્યાણકભૂમિ, સામાન્ય કેવળીઓની કેવળજ્ઞાન યા નિર્વાણભૂમિ અને વિશુદ્ધતર સ્થાપના ભૂમિયોની સ્પર્શનાની અનિવાર્ય આવશ્યકતા ખરી. ભાવનાની મંદતા, શ્રદ્ધાની શિથિલતા, લોભની તીવ્રતા અને વસ્તુસ્થિતિની અણજાણતાના અંગે, પ્રતિમાઓ બધે ય સરખી જ છે, ' મન ચંગા તો કથરોટમાં ગંગા ' વિગેરે વિગેરે વિચારેને આધીન થઇને પવિત્ર ભૂમિયોની ઉપેક્ષા કરવાથી સર્વોત્કૃષ્ટ લાભથી વંચિત રહી જવાય છે. સ્થાવર તીર્થની અનાવશ્યકતાનો વિચાર લાવ્યા પહેલાં તીર્થસ્પર્શનાનો વાસ્તવિક હેતુ જાણવાની અત્યંત આવશ્યકતા છે.

## તીર્થસ્પર્શનનો હેતુ

જેમ અનેક ઉપચારો કરીને કંટાળી ગયેલો રોગી માણસ રોગમુક્ત થવાને કોઇ સારા વૈદ્ય કે ડાકટરની દવા કરતો હોય અને તેઓ તેને સલાહ આપે કે તમારે સારા હવા-પાણીવાળા સ્થળે રહેવાની જરૂર છે, માટે તમે પંચગિની, આબુજી કે દાર્જિલિંગ જાઓ. આ પ્રમાણે વૈદ્ય-ડોકટરની સમ્મતિથી બીમાર સારા હવા-પાણીવાળા સ્થળે જઇને રહેવાથી, અને કુપથ્ય ટાળવાપૂર્વક દવાનો ઉપચાર કરવાથી રોગથી મુક્ત થાય છે, તેવી જ રીતે ભાવ રોગી જીવોને ધન્વંતરી વૈદ્ય સમાન મહાપુરુષો ભાવ-રોગથી મુક્ત થવાને માટે અનેક ચરમશરીરિયો-પુરુષોત્તમોના પુનિત દેહોના સ્પર્શથી અત્યંત પવિત્ર થયેલી-પરમ શુદ્ધ વાતાવરણવાળી અને પરમ ભાવશુદ્ધિના કારણભૂત તીર્થભૂમિયોની સ્પર્શના કરવાની સલાહ આપે છે. તદનુસાર ભાવ રોગી જીવો અસમ્યગ્ જ્ઞાન-ક્રિયારૂપ કુપથ્ય ટાળીને સમ્યગ્ જ્ઞાન-ક્રિયારૂપ પથ્યસેવનપૂર્વક પૂર્ણ શ્રદ્ધાથી પ્રભુની આજ્ઞારૂપ ઔષધોપચારદ્વારા તીર્થભૂમિની સ્પર્શના કરીને ભાવ રોગથી મુક્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તીર્થભૂમિનો પ્રભાવ

એક માણસ પોતાના ગામના દેરાસરમાં હંમેશાં જતો હોય અને પ્રભુની પૂજા-ભકિત કરતો હોય, તો યે તેની જોઇએ તેવી ભાવશુદ્ધિ થતી નથી અને હર્ષોત્કર્ષ પણ થતો નથી. તે જ માણસ પરમ પવિત્ર અનન્ય સાધારણ શત્રુંજય જેવા મહાતીર્થની યાત્રા કરવા નીકળ્યો હોય અને જ્યાં સુધી શત્રુંજયની ભૂમિમાં પગ પણ મૂકતો નથી; પરંતુ દૂરથી જ શત્રુંજય ગિરિના દર્શન કરે કે તરત જ તેનું હૃદય હર્ષથી ઉભરાઇ જાય છે, અને રોમાંચિત ગાત્ર બની હર્ષાશ્રુ વહેવડાવે છે. ક્રમશઃ તીર્થભૂમિની સ્પર્શના થયા પછી તેના જીવન ક્ષણો પરમ શુદ્ધ દિશામાં વહેવા માંડે છે, ઐહિક જીવનની ચિંતાજાળમાંથી મુકાઇ જાય છે, પરિણામની પરમ શુદ્ધિથી સમ્યક્ત્વ ઉજ્વળ બનાવે છે, અને ન હોય તો લાવે છે. દ્રવ્ય-ધનથી કંગાળ હોય તો પણ ભાવ-ધનની પ્રાપ્તિથી પોતાને શ્રીમંત કરતા પણ અધિકતર માને છે. તાત્પર્ય કે ભાવ રોગથી મુકત થવાની ઇચ્છાવાળા શ્રદ્ધાળુને તીર્થભૂમિના રજકણો મહાન ઔષધીરૂપે પરિણમે છે અને રસાયણની જેમ તેના આત્માને સબળ અને પરમ સ્વચ્છ બનાવે છે.

## તીર્થભૂમિના પુદ્દગલોમાં આત્મશોધનશકિત

અનંતાનંત ચરમશરીરિયોના દેહના સ્પર્શથી વાસિત થયેલા, અને તેમના જ દેહના પુદ્દગલોના મિશ્રણથી તદ્દરૂપ બનેલા શત્રુંજય મહાતીર્થના રજકણોમાં, કર્મના રજકણોમાંથી આત્માને શુદ્ધ બનાવવાની-મુકત કરવાની શકિત રહેલી છે. આ પુદ્દગલોમાં શોધન કરવાની શકિત સ્વાભાવિક નથી પણ પવિત્ર આત્માઓના સંસર્ગથી થયેલી હોવાથી સાંસર્ગિકી છે. જો પુદ્દગલોમાં આત્મશુદ્ધિ કરવાની શકિત સ્વાભાવિકી હોય તો પછી દરેક સ્થળે રહેલા પુદ્દગલો આત્મશુદ્ધિ કરવાવાળા હોવાથી તીર્થભૂમિની સ્પર્શના કરવાની આવશ્યકતા જ ન રહે અને કર્મપુદ્દગલોથી આત્મિક ગુણોના ઘાતરૂપ અશુદ્ધિ થાય જ નહિ, તેમજ દ્રવ્ય રોગીયોને પણ હવા-પાણી બદલવા ડોકટરોને સલાહ આપવાની જરૂરત ન રહે; પરંતુ જેમ અપવિત્ર દેહધારિયોના આચાર, વિચાર અને ઉચ્ચારના તથા દેહના સંસર્ગથી આત્માને ભાવ રોગ ઉત્પન્ન કરવા તથા વધારવા શકિતવાળાં થયેલાં ભૂમિના રજકણોનો તથા વાતાવરણનો સંસર્ગ છોડી દઈ ચરમશરીરી પવિત્ર આત્માઓના આચાર, વિચાર અને ઉચ્ચાર તથા દેહના સંસર્ગથી આત્મશુદ્ધિ કરવા શકિતવાળા બનેલા રજકણોવાલી તીર્થભૂમિની સ્પર્શના કરી ભાવ રોગ મટાડવા માટેની મહાપુરુષો સલાહ આપે છે, તેમજ અનેક પ્રકારની બિમારીયોથી ગ્રસ્ત થયેલા માનવીયોના તથા અશુદ્ધ પદાર્થના સંસર્ગથી રોગ ઉત્પન્ન કરનારા તથા રોગ વધારનારા હવા-પાણીવાળા સ્થળો છોડી દઇને વિવિધ પ્રકારની ઔષધિયોના સંસર્ગથી નાશ કરવા તથા દેહશુદ્ધિ કરવા શકિતવાળા બનેલા હવા-પાણીવાળા પાર્વતીય પ્રદેશોમાં દ્રવ્ય રોગ મટાડવા જવાની ડોકટરો સલાહ આપે છે, માટે તીર્થભૂમિના રજકણોમાં ભાવ રોગ મટાડવાની, અને પાર્વતીય પ્રદેશોના હવા-પાણીમાં દ્રવ્ય રોગ મટાડવાની સાંસર્ગિકી શકિત રહેલી છે અને તે તે ભૂમિયોની સ્પર્શનાથી ભાવ રોગો તથા દ્રવ્ય રોગો મટે છે.

તીર્થભૂમિના રજકણોનો સંસર્ગ દેહને થાય છે અને તે દેહનો મન સાથે સંયોગ થવાથી પરિણામોની શુદ્ધિ થાય છે. પરિણામની શુદ્ધિ થવાથી કર્મ તથા આત્માનો સંયોગ શિથિલ થઇને બંનેનો પરસ્પર વિયોગ થાય અને જે કર્મ બંધાય છે તે પરિણામના પુદ્દગલો શુભ હોવાથી શુભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધાય છે. પુદ્દગલોમાં પરસ્પર એક બીજાને વાસિત કરવાની શકિત હોય છે. શુભ હોય તો શુભ વાસના બેસાડે છે અને અશુભ હોય તો અશુભ વાસના બેસાડે છે. કસ્તૂરીનો સંસર્ગ જે વસ્તુની સાથે હોય તે વસ્તુ સુવાસનાવાળી થાય છે, અને લસણનો જે વસ્તુની સાથે સંસર્ગ થાય તે વસ્તુ દુર્વાસનાવાળી થાય છે, તેવી જ રીતે શુભ પરિણામના સંસર્ગથી કર્મપુદ્દગલો શુભ બંધાય છે અને અશુભ પરિણામના સંસર્ગથી અશુભ બંધાય છે.

ઉપર વર્ણવ્યા પ્રમાણે સંસારમાં સર્વોચ્ચ દશાને પ્રાપ્ત થયેલા પરમપવિત્ર આત્માઓના સંસર્ગથી પરમપવિત્ર થયેલી શત્રુંજય મહાતીર્થ ભૂમિની સ્પર્શના આત્માનું સર્વ શ્રેય કરવાવાળી હોવાથી નિઃશંકપણે શ્રદ્ધાપૂર્વક આત્મહિતેચ્છુઓએ અવશ્ય કરવી જોઇએ. તીર્થ-સ્પર્શનાનો હેતુ આત્મશુદ્ધિ સિવાય બીજો કોઇ પણ ન હોવો જોઇએ, તેમજ આત્મશુદ્ધિના બાધક કષાયવિષયથી નિવૃત્ત થઇને સમભાવમાં રહેવું જોઇએ. પુદ્દગલોના નિરંતરના અનેક પ્રકારના વપરાશથી આત્મા ઝાંખો પડી ગયો છે તેને પાછો તેજોમય બનાવવા તપરૂપ અગ્નિમાં નાંખવો જોઇએ અને પ્રભુગુણ સ્તવન-ચિંતવનનો ઓપ ચઢાવી ચકચકિત કરવો જોઇએ. આ પ્રમાણે વિધિપૂર્વક જો તીર્થભૂમિની સ્પર્શના કરવામાં આવશે તો અવશ્ય આત્મા પરમાત્મા બની, પૂર્ણ વિકાસીયોની પંક્તિમાં ભળી જઇને શાશ્વતું સુખ મેળવશે.

### નરકથી આવેલ મનુષ્યના લક્ષણો

नरस्य चिन्हं नरकागतस्य,
विरोधिता बन्धुजनेषु नित्यम् ।
सरोगता नीचगतेषु सेवा,
ह्यतीव दोषः कटुका च वाणी ॥

બન્ધુઓ સાથે નિત્ય વિરોધભાવ, રોગીપણું, નીચ મનુષ્યની સેવા, અતિ દોષો અને કડવી વાણી: એ ચિન્હો નરકથી આવેલ મનુષ્યના જાણવા.

સં. રાજપાળ મ. વ્હોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતવર્ષના ધર્મો

કાકા કાલેલકર

કોણ જાણે ક્યાંથી પણ દુનિયાના બધા જ ધર્મો આપણે ત્યાં આવી ચઢ્યા છે અને કોઈને સુખેથી રહેવા દેતા નથી. હવે એ ધર્મોનું કરીશું શું? એવો વિચાર ઘણા લોકોના મનમાં અવારનવાર આવે છે. કેટલાક કહે છે કે જેમ અરબસ્તાનમાં કેવળ ઇસ્લામીઓ જ રહી શકે છે; યુનાઇટેડ સ્ટેટમાં અંગ્રેજી ભાષા જ ચાલી શકે છે; તેમ હિંદ માટે પણ હોય તો કેવું સારું? હિંદમાં એકલો હિંદુ ધર્મ જ હોત અને બીજા ધર્મોને અહીં રહેવાની મનાઓ કરવામાં આવે તો કેટલું સારું? બીજા કેટલાક કહે છે કે ધર્મની બલા જ શા માટે જોઈએ છે? બધા ધર્મો સરખા જ ફેંકી દેવા જેવા છે. એમાં એકને જ રાખીએ અને બાકીનાને હાંકી કાઢીએ એનો અર્થ શો?

અને એમ પણ પૂછી શકાય કે ભિન્ન-ધર્મી લોકોને બહારથી આવતા તમે અટકાવી શકો, પણ સનાતન કાળથી આ દેશમાં જ રહેનારા લોકોમાંથી કેટલાક જો પોતાની ધાર્મિક માન્યતા ફેરવે અથવા બહારના ધર્મનો સ્વીકાર કરે તો એને કેમ રોકી શકો? માણસ ઉપર જબરજસ્તીથી સત્તા ભોગવવાનો કોઈ ધર્મને અધિકાર જ શાનો? આવી રીતે ધર્મ વિષેની ચર્ચા ચાલે છે. કેટલાક ઊંઘણશી ધર્મોને કાને હજી એ ચર્ચા પહોંચી જ નથી. કેટલાક નસીબવાદી ધર્મો જે થવાનું હશે તે થશે, આપણું શું ચાલવાનું હતું? આપણે પડ્યા રહીશું અને જે થશે તે સહન કરીશું એમ કહી બગાસા ખાય છે. કેટલાક હાંફળાફાંફળા બની પોતાની યોગ્યતા અને પોતાનો અધિકાર સિદ્ધ કરવા માટે દાખલા-દલીલો ભેગા કરે છે અને કેટલાકને થાય છે કે રાજ્યસત્તા વગર ધર્મ ટકી જ ન શકે, માટે રાજ્યસત્તાનું શરણ લીધે જ છૂટકો.

એક જમાનો એવો હતો કે જ્યારે ધર્મો સર્વોપરી સત્તા ભોગવતા હતા. પછી રાજાને ગાદી પરથી ઉઠાડી મૂકવા એ પણ ધર્માચાર્યોની સત્તા હતી. રાજ્યાભિષેક વખતે ધર્મગુરુ રાજાને રાજત્વ આપતો. ઈંગ્લાંડના એક રાજાને પોતાનો મુગટ પોપને ચરણે ધરી તેને સાષ્ટાંગ પ્રણિપાત કરવો પડયો હતો અને રોમનો પોપ પોતાના શિષ્ય-રાજાઓ વચ્ચે આખી દુનિયાની વહેંચણી કરી શકતો હતો.

પણ ધર્મસંસ્થાની એ પ્રતિષ્ઠા આગળ જતાં રહી નહિ. રાજાઓ સર્વોપરી થયા અને ધર્મ અંતે રાજાનો આશ્રિત બન્યો. વ્યક્તિઓના જીવનમાં પણ ધર્મનું સર્વોપરીપણું ઓછું થયું, સત્તા અને સંપત્તિ એ બેની જ પ્રતિષ્ઠા વધી.

ધર્મનો આ અધઃપાત શાથી થયો? કારણ સ્પષ્ટ છે. ધર્મોએ રાજ્યવ્યવસ્થાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુસરણ કર્યું, અનુકરણ કર્યું. રાજ્ય-સંસ્થાના નમૂના ઉપર ધર્મસંસ્થાનું તંત્ર રચ્યું અને સત્તા તેમજ અધિકારની પરંપરા ઊભી કરી. યુરોપમાં પોપની જે સત્તા હતી, ઇસ્લામી દુનિયામાં ખલીફાની જે સત્તા હતી તેવી સત્તા આપણે ત્યાં ધર્માચાર્યો, શંકરાચાર્યો અને પુરોહિતોને કોઇ કાળે હતી નહી, છતાં આપણે ત્યાં પણ ધર્મસંસ્થાએ રાજ્યસંસ્થાનું અનુકરણ નથી કર્યું એમ નથી. ન્યાતનું બંધારણ, ગુરુશિષ્ય સંબંધ વિષેના નિયમો, મંદિરોની વ્યવસ્થા એ બધા પાછળ રાજ્યતંત્ર જેવી જ યોજના છે. પરિણામે ધર્મના મૂળમાં જ સડો પેઠો, પણ જે વખતે રાજ્ય સત્તાનું અનુકરણ શરૂ થયું તે વખતે તો લોકોને થતું કે હવે ધર્મનો વિજય થયો છે, હવે ધર્મની સાચી સ્થાપના થઈ છે; પણ ધર્માચાર્યોની સત્તા વધી ત્યારે જ ધર્મ ક્ષીણ થવા લાગ્યો અને ખરી ધાર્મિક પ્રેરણા આચાર્યોના હાથમાંથી છટકી જઈ સંતો પાસે ગઇ. હિંદના સંતો મોટે ભાગે તંત્રવિમુખ જ રહ્યા અને જ્યાં એમણે તંત્ર ઊભું કર્યું ત્યાં રાજ્યતંત્રની ઢબે નહીં પણ લોકજીવનને અનુકૂળ એવું જ તંત્ર રચ્યું. યુરોપમાં શું અને આપણા દેશમાં શું, તંત્રવિમુખ સંતોને લીધે જેટલો ધર્મ ટકયો તેટલો જ ટકયો છે.

જૂની એક કહેવત છે "એક કંબલ પર બાર ફકીરો સૂઇ શકે છે પણ એક મોટા સામ્રાજ્યમાં બે બાદશાહો નભી શકતા નથી" રાજ્યનું જ્યાં અનુકરણ હોય ત્યાં એક ઠેકાણે એક જ ધર્મ નભી શકે. હિંદુસ્તાનમાં તમામ દુનિયાના ધર્મો ભેગા થયા છે કેમકે હિંદુ-સ્તાન ખરું જોતાં બાર ફકીરનો કંબલ છે. આજે ન હોય તોયે એ ફકીરનું કંબલ થવા માટે જ સર્જાયું છે.

જે કોઈ માણસ હિંદ જોવા આવે છે તે પહેલો જ ઉદ્ગાર કાઢે છે કે હિંદ એ એક વિશાળ કુટુંબ છે. વાત સાચી છે પણ એ સંપીલ કુટુંબ નથી. ઘણા-ખરાં હિંદુકુટુંબોમાં જેમ ભાઇ ભાઇઓ નોખા થતા નથી અને સલાહ-સંપથી રહી પણ શકતા નથી-અખંડ વિખવાદ ચાલ્યા જ કરે છે તેમજ હિંદુસ્તાનના ધર્મોનું પણ છે. વખતે એમ હશે કે હિંદુ કુટુંબ જ્યારે આપણે સુધારી શકશું અને પરસ્પર પ્રેમ અને આદરથી, સુખસંપથી રહેતા શિખીશું ત્યારે જ ધર્મનો સવાલ પણ ઉકેલાશે અને જ્યાં આજે કેવળ કોલાહળ સંભળાય છે ત્યાં વિશ્વસમૃદ્ધ સંગીત ગગનમંડળને ભરી દેશે.

વાત એ છે કે રાજાઓ અને સરકારો મનુષ્યના બાહ્ય જીવન ઉપર જ અધિકાર ભોગવી શકે છે, અને તેથી જ એ દુન્યવી તંત્ર ઊભું કરી એ વાટે પોતાનો ઉદ્દેશ સાધી શકે છે, જ્યારે ધર્મની અસર મૂળે આંતરિક રહી છે. અંતરની અસર પોતાની મેળે બહાર પડે તે શુભ છે એમ ધર્મ જાણે છે. રાજસત્તાના વાતાવરણમાં ધર્મોએ જીવન કરતાં માન્યતા ઉપર વધારે ભાર મૂકચો છે. ધાર્મિક જીવન ગમે તેવું હોય, ધાર્મિક માન્યતામાં સંમતિ હોય એટલે બસ એવું વાતાવરણ ઊભું કરી ધર્મને ગુંગળાવી નાખ્યો. ધર્મનું રહસ્ય એના પાલનમાં, એના આચારમાં અને ધર્મપરાયણ ચિત્તવૃત્તિમાં છે, ઊલટું ધાર્મિક માન્યતામાંથી ધર્માભિમાન અને પર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મતઅસહિષ્ણુતા ઉત્પન્ન થાય છે. ધાર્મિક જીવનમાંથી ધર્મપરાયણતા ઉત્પન્ન થાય છે અને એમાંથી જ સર્વધર્મસમભાવ કેળવાય છે.

યુરોપમાં ધાર્મિક માન્યતામાં સર્વસમાનતા જાળવવા માટે પ્રયત્નો અને ભારે કલેશો ઊભા કરવામાં આવ્યા. આપણે ત્યાં માન્યતાઓની બાબતમાં છૂટ હતી પણ આચારધર્મમાં આખા સમાજને યાંત્રિક સકંજામાં પકડી રાખવામાં આવતો. પરિણામે બૌધિક સ્વતંત્રતા તો ખીલી પણ બુદ્ધિ પ્રમાણે કર્મ કરવાની છૂટ ન હોવાથી બુદ્ધિનું તેજ ક્ષીણ થયું. ધર્માધર્મની અને દ્વૈતાદ્વૈતની ચર્ચા કેવળ ડિબેટિંગ કલબ જેવી થઈ ગઇ. ધર્મ હંમેશા પારમાર્થિક ( serious ) વસ્તુ હોવી જોઇએ. જેવી માન્યતા એવું જીવન–એવું થઈ જાય ત્યારે જ બુદ્ધિ શુદ્ધ અને શુભ રહે છે અને આચાર માણસાઇભરેલો આવકૃત અને સંસ્કારસંપન્ન થાય છે. Live what you belive એ જ મોટામાં મોટું ધર્મસૂત્ર અને જીવનસૂત્ર છે.

પણ ધાર્મિક આદર્શ પરમોચ્ચ કોટીએ પહોંચેલો હોવાથી એના આચરણમાં મોળા અને આકરા વર્ગો પડવાના. શ્રાવક અને સાધુ, સંન્યાસી અને ગૃહસ્થ, શ્રમણ અને શ્રામણેર એવા ભેદો પેદા થયા પછી માન્યતાઓને બરાબર વળગી રહો અને આચરણની શિથિલતા દરગુજર કરો એવું વાતાવરણ આવવાનું જ ને એમાં–આટલામાં–દોષો નથી આવતા પણ ઈંગ્લાડમાં પ્રોટેસ્ટન્ટ વેપારીઓએ બીજું એક સૂત્ર શોધી કાઢયું. ધર્મ એ જીવનનું કેવળ એક અંગ છે. ધર્મને ઠેકાણે ધર્મ શોભે, વ્યવહારમાં આ બધે જ ધર્મને લઇ ચાલે તો વ્યવહારે બગડે અને ધર્મ બગડે એમ કહી ધર્મને એમણે જીવનનું એક રાચરચીલું બનાવી દીધું.

હવે લોકો એટલા ઠાવકા પણ રહ્યા નથી અને ધર્મનો ખ્યાલ પણ એટલો છીછરો રહ્યો નથી. ધર્મ એટલે જીવનસંસ્કારણ, જીવનપરિવર્તન એટલું સમજાઇ ગયું છે. હવે જો ધર્મની વ્યવસ્થા કરવી હોય તો ધર્મ ધર્મ વચ્ચેનો ઝગડો છોડી દઈ, તમામ ધર્મમાં જે લોકો સાચા ધર્મનિષ્ઠ છે તેમણે નર્યા તાત્ત્વિક ભેદ ભૂલી જઈ, હાર્દિક એકતા ઓળખી માંહોમાંહે સંગઠન કરવું જોઇએ. દરેક ધર્મમાં ધર્મપરાયણ લોકો હોય છે અને ધર્માભિમાની લોકો પણ હોય છે. ધર્મપરાયણ લોકો ધાર્મિક જીવનમાં ઊંડે ઉતરે છે, પોતાની જાતને સુધારવા અખંડ મથે છે અને એ રીતે ધાર્મિકતાની સુવાસ ફેલાવે છે; પણ આજના જમાનમાં આગેવાની ભોગવે છે ધર્માભિમાની લોકો. એમને ધાર્મિક આચરણોની તો પડી નથી હોતી, એમને તો ધર્મને નામે એક દુન્યવી સંગઠન જ ગોઠવવાનું હોય છે. એવા લોકો જ તે તે ધર્મના અનુયાયીઓને ઉશ્કેરી ધાર્મિક ઝઘડાઓ પેદા કરે છે અથવા ચલાવે છે.

અને જ્યારે આવા ધર્મ વચ્ચેના ઝગડાઓ ચાલે છે ત્યારે ધર્મશુદ્ધિનું કામ મોળું પડે જ છે. ધર્મ–સુધારક જો આત્મશુદ્ધિને અર્થે પોતાના સમાજના દોષો બોલી બતાવે તો શત્રુ આગળ ઊઘાડા પડીશું એ બીકે એવાઓના અવાજ ગૂંગળાવી નાખવામાં આવે છે. ભિન્ન ધર્મી લોકો એક બીજાના શત્રુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી પણ સાચા શત્રુ તો અધર્મી એટલે કે ધર્મવિરોધી લોકો જ છે એ વાત જનતાને સમજાવવી જોઇએ.

એ વાત આપણે સ્પષ્ટ જાણવી જોઇએ કે આજના સામાજિક જીવન માટે દરેક માણસને બધા ધર્મોનું જ્ઞાન–ઓછુંવત્તું પણ સમભાવપૂર્વક મેળવેલું જ્ઞાન–અત્યાવશ્યક છે. દરેક ધર્મોની માન્યતાઓ શી છે, એનું સમાજશાસ્ત્ર શું છે, એને જીવનસિદ્ધિ કેટલી મળી છે અને કઈ ઢબે મળી છે એનું જ્ઞાન દરેક સંસ્કારી માણસને હોવું જોઇએ

હું મારું પોતાનું સાચવી બેસીશ, બીજા સાથે મારો સંબંધ શો એમ કહ્યે પોસાશે નહિ. બધાનું સમજીશ, બધાને મારું સમજાવીશ, બધાનું સહન કરીશ અને બધા સાથે ઓતપ્રોત થઇશ એ જ ધર્મનો હવે યુગધર્મ છે. બધાને એક બીજાનો પાસો લાગવાનો છે અને છતાં દરેક પોતાનું સ્વાતંત્ર્ય પણ જાળવવાનો છે.

હવે એક અત્યંત મહત્ત્વની વાત આપણે પ્રચલિત કરવી રહી–અત્યાર સુધી આપણે માનતા આવ્યા છીએ કે દરેકને માટે એનો ધર્મ સારો. બધા જ ધર્મો સારા છે માટે કોઇ પોતાનો ધર્મ છોડે નહિ અને બીજાના ધર્મોને વખોડે નહિ. આટલે સુધી જ આ વાત સારી જ છે પણ આટલાથી હવે આપણું પતે એમ નથી. સ્વધર્મનું સૂત્ર હવે એકાન્તી જણાય છે. સર્વે ધર્મો સાથે પરિચય કેળવી, એમને ઓળખી, એ વ્યવસ્થામાં દેખાઈ આવતા મારા સ્વધર્મનું પાલન કરીશ એ જ આજનો પૂર્ણ ધર્મ છે. સર્વ ધર્મોના અધ્યયન પછી જ સ્વધર્મનું રહસ્ય પૂર્ણ-પૂર્ણ સમજાશે અને એમ કરીને જ બધા સાથે આપણે સુલેહસંપથી રહી શકીશું.

શ્રી શંકરાચાર્યે એ તત્ત્વ ઓળખેલું હતું. એમણે જોયું કે હિંદુસ્તાનમાં અસંખ્ય દેવદેવીઓ પૂજાય છે. અહીંના લોકોની કદાચ ગણત્રી થઈ શકે, પણ દેવોની ન થઇ શકે એટલે એમણે પાંચ દેવોને મુખ્ય કલ્પી બાકીના બધાને એના જ અવતારો બનાવી દીધા. મહાદેવ, વિષ્ણુ, ગણપતિ, દેવી અને સૂર્ય એ પાંચ દેવોને હિંદુ ધર્મના પ્રધાન દેવો તરીકે રજૂ કર્યા અને કહ્યું કે આમાંથી જે દેવ તમારો ઇષ્ટ હોય તેની જ પૂજા કરો, પણ એની આસપાસ બાકીના ચારને રાખવા જ જોઇએ અને એમની જ સાથે ઇષ્ટદેવની પૂજા જ્યારે થાય ત્યારે પંચાયતની જ થાય, આમ કરીને એમણે બધા દેવો માટેનો ભક્તો વચ્ચેનો ઝઘડો શમાવી દીધો. બધા પ્રત્યે સદ્‌ભાવ હોવો જોઇએ, બધાની ઉપાસના આપણે સમજી લઇએ, એમાં અમુક અંશે ભાગ પણ લઇએ, પણ વળગી રહીએ પોતાના ધર્મને જ. જ્યાં બધા જ ધર્મો સાચા છે ત્યાં ધર્માન્તરને અવકાશ જ ક્યાં રહે ? બધા જ અંશે અમુક એકાન્તી અને અપૂર્ણ છે એ વાત સ્યાદ્‌વાદ અને સપ્તભંગી ન્યાય સમજનારા જૈનોએ તરત ઓળખવી જોઇએ. સર્વ ધર્મનું જ્ઞાન થાય ત્યારે જ સ્વધર્મનું રહસ્ય સમજાય. ખરું જોતાં જેટલા ધર્મો છે તેટલી જીવનપદ્ધતિઓ છે. એ બધી પદ્ધતિઓએ જીવનનું દર્શન માણસને થવું જોઇએ, એટલે જ બધા ધર્મની જરૂર છે. કહેવાય છે કે રામકૃષ્ણ પરમહંસે જુદે જુદે વખતે એ બધા ધર્મની સાધના

For Private And Personal Use Only

જીવી જોઈ અને તેઓ એ જ નિર્ણય ઉપર આવ્યા કે આ બધા રસ્તાઓ એક જ પ્રાપ્તવ્ય તરફ લઈ જાય છે. આ સાક્ષાત્કાર માટે બૌદ્ધિક અહિંસા એટલે સ્યાદ્‌વાદ અને તપની જરૂર છે.

( યુરોપના કવેકર લોકો અહિંસાને પૂજે છે પણ સંયમ, સ્યાદ્‌વાદ ઉપર એમણે ભાર નથી મૂકયો. તેઓ સંપત્તિના ઉપાસક થયા એટલે આત્માને ભૂલી ગયા. ) આત્મા ઉપર વિશ્વાસ એ ધર્મ માત્રનો પાયો છે. જેઓ આત્મામાં નથી માનતા તેમને ગીતાએ આસુરી સંપત્તિવાળા કહ્યા છે. એટલે ખરું જોતાં દૈવી સંપત્તિવાળા અને આસુરી સંપત્તિવાળા એવા બે જ વિભાગ માણસજાતમાં પડી શકે છે અને એ બે વચ્ચે માંડવાળ ન જ થઇ શકે; દરેક માણસના હૃદયમાં ઓછે વત્તે અંશે દૈવી અને આસુરી વૃત્તિઓ હોય છે એટલે જ એ બે વચ્ચે સનાતન ઝઘડો ચાલે છે. એ યુદ્ધમાં જો આપણે જીતી શકયા તો સમાજમાં ધર્મ ધર્મ વચ્ચેનો ઝગડો એની મેળે શમી જશે. દરેક હૃદયમાં જ્યારે દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચે ઝગડો ચાલે છે ત્યારે અનેક વાર પરવશ થએલ દૈવી વૃત્તિ બહારથી મદદની આશા રાખે છે, એમાંથી જ ઈશ્વરશરણની વૃત્તિ જન્મી છે. सर्वधर्मान् परित्यज्य એમ જ્યારે ભગવાને કહ્યું ત્યારે આર્યધર્મ, ઇસ્લામ, બૌદ્ધ કે જૈનધર્મ, શીખ કે ખ્રીસ્તી ધર્મ, એવા ધર્મો ભગવાનની નજર આગળ ન હતા. જ્ઞાનભક્તિ, કર્મ અને ઉપાસના એ માર્ગભેદનો પણ એમણે ઈશારો કર્યો નહોતો પણ દેશધર્મ અને કુલધર્મ, જાતિધર્મ અને વયોધર્મ, ગુણધર્મ અને શરીરધર્મ, કલાધર્મ અને આપદ્‌ધર્મ, એવા તે વખતે ચર્ચાતા સંકુચિત અને એકાંગી ધર્મનો વિચાર કરી ભગવાને કહ્યું કે આ બધા ધર્મો છોડી દે, અને એક આત્મતત્ત્વને શરણ જા ! ત્યાં સ્વધર્મનું અને સર્વ ધર્મનું રહસ્ય ખુલ્લું થશે અને રસ્તો જડશે.

### સ્વર્ગથી આવેલના લક્ષણો

**स्वर्गच्युतानामिह जीवलोके,**
**चत्वारि नित्यं हृदये वसन्ति।**
**दानप्रसंगो मधुरा च वाणी,**
**देवार्चनं सद्गुरुसेवनं च ॥**

**દાન** આપવું, મધુર વાણી વદવી, દેવપૂજન કરવું અને સદ્‌ગુરુની સેવા કરવી : એ ચાર વાનાં સ્વર્ગથી આવેલ મનુષ્યના હૃદયમાં કાયમ વસે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## પ્રાતઃસ્મરણીય શ્રી મૂળચંદજી મહારાજની જયંતિ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી દર વર્ષ મુજબ માગશર વદિ ૬ ને સોમવારના રોજ પ્રાતઃ-સ્મરણીય પૂજ્યપાદ્ સ્વ. મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજશ્રીની સ્વર્ગવાસ તિથિ હોવાથી તે દિવસે જયંતિ પ્રસંગે સવારના નવ વાગે શ્રી દાદાસાહેબના જિનાલયમાં સુંદર રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી અને આંગી લાઇટ વિગેરે કરવામાં આવી હતું, તેમ જ શ્રીમદ્ મૂળચંદજી મહારાજશ્રીના પગલે આંગી કરવામાં આવી હતી.

બપોરના બાર વાગે સભાના સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

---

## શ્રી ઉમેદપુર (મારવાડ) માં ઉજવાયેલ પ્રતિષ્ઠા મહોત્સવ

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીના સુશિષ્ય આચાર્યશ્રી વિજયલલિત-સૂરીશ્વરજી મહારાજનો મારવાડ ઉપર અનેક પ્રકારનો ઉપકાર છે. તેઓશ્રીના સુપ્રયત્નથી અત્રેના શ્રી ઉમેદ પાર્શ્વનાથ જૈન બાલાશ્રમમાં ખાસ જિનાલય તૈયાર કરાવી, તેમાં શ્રી ઉમેદપૂરણ પાર્શ્વનાથ ભગવાનની ઘણી જ ધામધુમ, ઉત્સાહ અને આનંદપૂર્વક માગશર શુદિ ૧૦ ના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ઉક્ત પ્રસંગે આચાર્યશ્રી વિજય શાંતિસૂરીશ્વરજી મહારાજ તથા તપગચ્છ, ખરતરગચ્છ, પાયચંદ ગચ્છ, ત્રણ થોય, ચાર થોયના સાધુ, સાધ્વીઓ તેમજ યતિઓની સંખ્યા આશરે દોઢસોની હતી. તે ઉપરાંત ગુજરાત, મારવાડ, મેવાડ, બંગાલ આદિ પ્રાંતોના મળી આશરે પચ્ચીશ હજારની–માનવ મેદની આ પ્રસંગે એકત્રિત થયાના શુભ સમાચાર મળે છે. આટલો બહોળો સમુદાય એકત્ર થયેલ હોવા છતાં ગુરુદેવ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીની કૃપાથી કોઇ પણ પ્રકારનું વિઘ્ન આવેલ નથી અને આવો અપૂર્વ અવસર સહીસલામત રીતે મારવાડના આંગણે પરિપૂર્ણ થયો છે.

---

## એક વધુ બાદશાહી સખાવત

જૈનસમાજમાં દરવર્ષે અનેક ખાતાઓમાં લાખો રૂપીયા ખરચાય છે, પરંતુ સમયને ઓળખી કેળવણીને લક્ષીને ખાસ સખાવત કરનાર વિરલ હોય છે. તેમાં પણ રાધનપુરનિવાસી શેઠ **કાન્તિલાલ ભાઇ ઇશ્વરલાલ** આવશ્યકીય જરૂરીયાતના કેળવણી જેવા ખાતાને માટે લાખો રૂપીયાની સખાવત મળેલી સુકૃત લક્ષ્મીવડે કરી મનુષ્ય જન્મનું સાર્થક કરી રહ્યા છે. હજી ત્રણ માસ પહેલાં એક લાખ દશ હજારની માંગરોળ જૈન કન્યાશાળાને હાઇસ્કુલના રૂપમાં ફેરવી નાંખવા સખાવત કરી હતી. દરમ્યાન શેઠ સાહેબની પોતાની જન્મભૂમિ રાધનપુરમાં હાઇસ્કુલ કરવા માટે ચાળીશ હજારની બાદશાહી સખાવત કરી છે. રાજ્યે તે હાઇસ્કુલ સાથે શેઠ સાહેબનું મુબારક નામ પણ જોડી દીધું છે. ધન્ય આવા ઉદાર સખાવતી નરરત્નને ! ખરેખર યોગ્ય પુરુષ જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**આશાની પાંખે** ( સામાજિક નાટક )—પ્રકાશક;—વર્ધમાન એન્ડ સન્સ, પાયધુની, મુંબઇ ૩ કર્તા—શાંતિલાલ મોહનલાલ શાહ, બેરીસ્ટર-એટ-લો.

લેખકે અન્ય નાટકો પણ બનાવેલા છે. આ કૃતિ પણ સુંદર અને વાંચવા યોગ્ય છે. કિંમત આઠ આના. પ્રકાશકને ત્યાંથી મળશે.

---

## રિપોર્ટો.

**લેડી વિલીંગ્ડન અશક્તાશ્રમ-સુરત:**—સને ૧૯૩૭ની સાલનો રિપોર્ટ અને હિસાબ. પ્રસિદ્ધ કરનાર શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ-પ્રેસીડેન્ટ. આ સંસ્થામાં અશકત મનુષ્યોની તેની કાર્યવાહક કમીટીઓ અને પ્રેસીડેન્ટ સાહેબ મનુષ્યની ઉત્તમ સેવા કરે છે. આ ખાતુ વ્યવસ્થિત, મદદને પાત્ર અને હિસાબ વિગેરે વ્યવસ્થિત છે.

**શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરીનો ૨૧મો રિપોર્ટ:**—લાલભાઇ મોતીલાલ શાહ સેક્રેટરી. વડોદરા શહેરમાં આ લાઇબ્રેરી જૈન જૈનેતર તમામને ફ્રી વાંચનનો લાભ આપે છે. કાર્યવાહક કમીટી ગુરુભક્તિ કરે છે. અમે તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

---

## સાઢોર( પંજાબ )માં અપૂર્વ પ્રતિષ્ઠા મહોત્સવ

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજના ઉપદેશથી સાઢોરમાં એક ગગનચુમ્બી વિશાલ જિનમંદિર તૈયાર કરાવવામાં આવેલ તેમાં આચાર્યશ્રીના શુભ હસ્તે માગશર શુદિ ૧૦ ના રોજ શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા ઉત્સાહ, આનંદ અને હજારો જન સમુદાયની હાજરી વચ્ચે કરવામાં આવી હતી. માગશર શુદિ પંચમીના રોજ આચાર્યશ્રીના નેતૃત્વ નીચે કુંભસ્થાપના કરવામાં આવેલ અને બપોરના ભવ્ય વરઘોડો શહેરના જુદા જુદા લતાઓમાં ફેરવી દેરાસરજી ઉતર્યો હતો. આ વરઘોડામાં હાથી, બેન્ડ, ભજન મંડલીઓ વગેરે હોવાથી વરઘોડાની શોભા અપૂર્વ લાગતી હતી.

આત્માનંદ જૈન મહાસભા (પંજાબ) નું ૧૪ મું અધિવેશન જીરાનિવાસી બાબુરામ જૈન એમ. એ.ના પ્રમુખપણે આચાર્યશ્રીની છાયા નીચે શુદ ૭, ૮ ના રોજ ભરવામાં આવેલ. આ પ્રસંગે સ્વાગત પ્રમુખ લાલા સૂરતરામજી જૈન અને પ્રમુખ સાહેબ તથા આચાર્યશ્રી અને પંન્યાસ સમુદ્રવિજયજી મહારાજના ભાષણો આકર્ષક થયા હતા.

દીલ્હી પાસે બડૌતમાં મહા શુદિ ૧૦ ના રોજ પ્રતિષ્ઠા હોવાથી આચાર્યશ્રીએ બડૌત તરફ વિહાર કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી બ્રહ્મદેશ જીવદયા મંડળ**—તા. ૩૧–૧૨–૩૭ સુધી ત્રણ વર્ષનો રિપોર્ટ. પ્રકાશક શાંતિશંકર વેણીશંકર પ્રમુખ. રંગુન શહેરમાં આ મંડળ જીવદયાનું સારું કામ કરી રહેલ છે એમ રિપોર્ટ વાંચતા જણાય છે ને દરેક રીતે મદદને પાત્ર છે. વ્યવસ્થા ઉત્તમ છે અને હિસાબ યોગ્ય છે એમ અમોને જણાય છે.

**શ્રી ચલાલા પુસ્તકાલય અને હરગોવિંદ શામજી બાળ પુસ્તકાલય વિગેરેનું નિવેદન**-સને ૧૯૩૭ ની સાલ સુધી ત્રણ વર્ષનું પ્રગટ કરનાર મંત્રી રામજી જીવાભાઇ શેઠ. આ પુસ્તકાલય સાર્વજનિક છે. તેની યોગ્ય વ્યવસ્થા રિપોર્ટ વાંચતા જણાય છે.

**શ્રી ઘોઘારી જૈન પાઠશાળાઃ**—મુંબઇ વડગાદી સં. ૧૯૯૩ના આસો વદ ०)) સુધી બે વર્ષનો રિપોર્ટ બહાર પાડ્યો છે. આ પાઠશાળાની શરૂઆત હોવા છતાં તેની શિક્ષણપદ્ધતિ અને વ્યવસ્થા રિપોર્ટ વાંચતા યોગ્ય લાગે છે.

**શ્રી શાંતિનાથ જૈન તાડપત્રીય જ્ઞાનભંડારનો રિપોર્ટ**—પ્રગટકર્તા વાડીલાલ નગીનદાસ તથા મોહનલાલ દીપચંદ ચોકસી-તાંબાકાંટા, મુંબઇ. ખંભાતનો જ્ઞાનભંડાર ઘણો પ્રાચીન ગણાય છે. બીજા વર્ષ ઉપર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના મુબારક પગલાં થયાં અને તેમના પ્રશિષ્ય સ્વ. મુનિશ્રી ચરણવિજયજીએ આ ભંડાર જોતાં તેની શોચનીય સ્થિતિ નજરે જોઇ તે વેળાએ ખંભાત છોડતાં પહેલાં આચાર્યમહારાજની તેનો ઉદ્ધાર કરવાની પ્રબળ ઇચ્છા પ્રગટી, અને તેને વ્યવસ્થિત રીતે સાચવવાને માટે પણ આચાર્ય મહારાજ તરફથી ઉપદેશ આપવામાં આવ્યો. તેઓ સાહેબના ઉપદેશથી ફંડની શરૂઆત થઇ અને અત્યાર સુધી સંરક્ષણીય રહેલા તાડપત્રોને ઉદ્ધાર કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું અને ફંડની વ્યવસ્થાપક સમિતિ નીમવામાં આવી. આચાર્ય મહારાજના સુપ્રયત્નવડે તેના રીતસર ડાબડાઓ કરવામાં આવ્યા અને તેના નિયમો ઘડવામાં આવ્યા. અને તેને વ્યવસ્થિત રીતે સાચવવાને માટે તેમ જ પ્રજાના ઉપયોગને માટે નિયમો કરવામાં આવ્યા. આવા તાડપત્રીય સુંદર જ્ઞાનભંડારને ખંભાતના શ્રી સંઘે ફાયરપ્રુફ મકાન બનાવી તેમાં પધરાવવાની જરૂર છે, તેમજ એક રજીસ્ટર પત્રક જેમાં ગ્રંથનું નામ, ગ્રંથકર્તાનું નામ, લખવાનો સમય, શું વિષય છે, કેટલા શ્લોક છે, તેવું એક પત્રક તૈયાર કરવું આવશ્યક છે. નહિ પ્રગટ થયેલ ગ્રંથોને પ્રગટ કરવાનો પ્રયાસ કરવો વિગેરે કાર્ય તેની વ્યવસ્થાપક કમીટી અને શ્રી સંઘ ધારાસર કરે તેમ નમ્ર સૂચના કરીએ છીએ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ ખંભાતમાં આ માટે ઘણું જ ઉપયોગી અને સફળ નીવડયું એમ ખાત્રીપૂર્વક માની શકાય. અમે તેની ભવિષ્યમાં ઉન્નતિ ઇચ્છીએ છીએ.

## ભાઇ અમીચંદ દીપચંદ ધરૂનો સ્વર્ગવાસ

શુમારે સીતેર વર્ષની વૃદ્ધ વયે કેટલાક દિવસની બિમારી ભોગવી આસો વદિ ૩० ના રોજ ભાઇ અમીચંદ ધરૂ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્પષ્ટ વકતા, માયાળુ, ધર્મની ધગશવાળા, મીલનસાર હતા. ઘણા વર્ષથી આ સભાના લાઇફ મેમ્બર હતા. તેઓના સ્વર્ગવાસથી એક યોગ્ય સભ્યની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો

| | | |
|---|---|---|
| ૧. શેઠ પરમાણુંદદાસ નરશીદાસ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| ૨. શાહ પોપટલાલ વિઠ્ઠલદાસ | મુંબઇ | વાર્ષિક મેમ્બર |
| ૩. ભાવસાર છગનલાલ મનજીભાઇ | વાલુકડ | ,, |
| ૪. શાહ મોહનલાલ મગનલાલ | ભાવનગર | ,, |
| ૫. શાહ બાબુભાઇ રાયચંદ | ,, | ,, |
| ૬. પંડિત બાલચંદ હિરાલાલ | જામનગર | ,, |

# શ્રી મહાવીર જીવન ચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પાકૃત ભાષામાં વિસ્તાર પુર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુકત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

---

### શ્રી પરમાત્માના ચરિત્રો.

( ગુજરાતી ભાષામાં ) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨-૦-૦
૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪-૮-૦
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦
૫ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૦-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦-૧૦-૦

### છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. )
२ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग.
४ पांचमो छट्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्प भाग ४-५

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત,

# શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર

[ મહાકાવ્ય ] ( પ્રથમ પર્વ )

શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝનો સાતમો આ મહાન્ ગ્રંથ છત્રીસ હજાર શ્લોકપ્રમાણ છે.

આચાર્ય મહારાજ **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની આજ્ઞા અને ઇચ્છા મુજબ સંપાદકનું કાર્ય તેઓશ્રીના પ્રશિષ્ય મુનિરાજ **શ્રી ચરણવિજયજી** મહારાજે હાથ ધરેલું છે. આ ગ્રંથ વ્યાખ્યાન માટે અતિ ઉપયોગી, ચરિતાનુયોગમાં પ્રથમ દરજ્જો ધરાવનાર, સંસ્કૃત ભાષાના અભ્યાસી માટે સરળ, સુંદર અને જેની રચના, સંકલના તથા શૈલી અનુપમ છે, જ્ઞાનભંડારો અને લાઇબ્રેરીના શણગારરૂપ, પઠન–પાઠન માટે આવશ્યકીય ગ્રંથ છે. આ મહાકાવ્યની અપૂર્વ રચના માટે જૈન અને જૈનેતરો એક અવાજે પ્રશંસા કરે છે.

આ ગ્રંથની અગાઉ થયેલી આવૃત્તિઓમાં રહેલી અનેક અશુદ્ધિઓનું બહુ જ પરિશ્રમવડે સંશોધન કરવામાં આવ્યું છે, અને ઊંચા કાગળો, સુંદર ટાઇપોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાએલ છે. આ ગ્રંથમાં વિસ્તારથી અનુક્રમણિકા, પ્રાસ્તાવિક નિવેદન, પ્રોફેસર **હીરાનંદજી** શાસ્ત્રી ગાયકવાડ સરકારના શોધખોળખાતાના અધિકારીનું આ ગ્રંથની ગૌરવતા માટેનું નિવેદન, પાટણ–અમદાવાદ વિગેરેના પ્રાચીન ભંડારમાંહેની તાડપત્રીય પ્રતો કે જેના ઉપરથી આ ગ્રંથનું સંશોધન થયેલું છે, તેના પ્રતોના સુંદર ફોટાઓ વગેરેથી આ ગ્રંથની સંકલના કરવામાં આવી છે. આ ગ્રંથના સંશોધનકાર્યમાં પ્રવર્ત્તકજી **શ્રી કાંતિવિજયજી** મહારાજશ્રીના પ્રશિષ્ય સાક્ષરવર્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે સંશોધનનું ઉત્તમ કાર્ય કરેલું છે તેમજ હાલમાં શ્રી ચરણવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થતાં આ. **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની આજ્ઞા મુજબ વિદ્વદ્વર્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથનું સંશોધન કાર્ય હાથ ધર્યું છે જેથી હવે પછીનાં પર્વો વિભાગોમાં પણ તેની ગૌરવતામાં વધારો થશે. વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જરૂર છે. આ પર્વમાં જે આર્થિક સહાયો મળી છે તે મૂળ કિંમતમાંથી બાદ કરી બાકીની કિંમત દોઢ રૂપીયો રાખેલ છે. દરેક પર્વોમાં કિંમત માટે તેમ થશે.

પ્રત અને સુંદર બાઇન્ડીંગ વગેરેથી અલંકૃત બુકાકારે પ્રગટ થયેલ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમા શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only